
સળંગ અંક ૫૭ - જાન્યુઆરી-૨૦૧૨

# શ્રી સ્વામિનારાયણ

માસિક કિંમત ₹ ૫/-



શ્રી નરનારાયણ દેવના દિવ્ય સાંનિધ્યમાં અને
ધર્મકુળની શુભ નિશ્રામાં ધનુર્માસ ધૂન મહોત્સવ
નારણઘાટ મંદિરમાં
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે
અલૌકિક શાકોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧











૧. જમીયતપુરા મંદિરમાં ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને યજમાન પ.ભ. દશરથભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્ય) ને આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી સાથે પૂ. પી.પી. સ્વામી, જે.કે. સ્વામી આદિ સંત મંડળ. ૨. મૂળી ગામમાં પ.ભ. નીરૂભા ગોવુભા પરિવારની વાડીના પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરતા અને ત્યારબાદ પ્રાસંગિક સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સભામાં ઉદ્‌બોધન કરતા મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા મૂળીનું સંતમંડળ ૩. હિંમતનગર બહેનોના નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા અને પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સભામાં પૂ. પી.પી. સ્વામી, ઈડર મહંતસ્વામી તેમજ ઉદ્‌બોધન કરતા મહંત શા.સ્વામી હરિજીવનદાસજી




# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૫ અંક : ૫૭ જાન્યુઆરી-૨૦૧૨


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | ધનુર્માસ | ૦૪ |
| ૦૪. | માણીગરની માણકી | ૦૬ |
| ૦૫. | રહીએ હરિના વચનમાંજી | ૦૮ |
| ૦૬. | શ્રીહરિના મુખેથી મૂળી ધામ મહિમાના વચનો | ૦૯ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૧ |
| ૦૮. | આનંદની હેલી | ૧૩ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૬ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૦ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૧ |



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

જગતમાં ક્યાંય જેનો જોટો ન જડે એવી પ્રણાલી સર્વાવતારી શ્રીહરિએ પ્રવર્તાવી છે.

ધનુર્માસમાં કમૂહુર્તમાં કોઈ સારા કામ ન થાય તેવું જ્યોતિષ શાસ્ત્ર કહે છે. પણ આપણા ઈષ્ટદેવે તો આ આખો મહિનો એવો સરસ સુગમ કરી દીધો કે સવારના ૫ વાગ્યાથી સત્સંગીઓનો ક્રમ નિત્યે શ્રી નરનારાયણદેવના શિખરબધ્ધ કે હરિ મંદિરમાં પ્રાતઃકાલિન ધૂન્યમાં મહા અલૌકિક કલ્યાણ કારી મોક્ષ દાયક ષડાક્ષરી મહામંત્ર શ્રી સ્વામિનારાયણ નામનો જાપ સતત એક કલાક સુધી ચાલે અને તેમાં સૌ તલ્લીન બની જાય. એમ આપણા માટે આ માસ તો શુભ અને શુભ અને લાભ દાયક જ છે.

હવે શાકોત્સવની મોસમ ચાલશે. મૂળી મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વસંત પંચમીનો સમૈયો અને રંગોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાશે. અને ફાગણ સુદ-૩ ત્રીજના ભરત ખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ સમસ્ત ધર્મકુળની શુભ નિશ્રામાં ધામધૂમથી સંપન્ન થશે. પાટોત્સવ સમૈયામાં શ્રીહરિના આશ્રિતોને મહારાજે દર્શન કરવાની ખાસ આજ્ઞા કરી છે. માટે સમૈયાના દર્શનનો જરૂર લાભ લેવો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ડિસેમ્બર-૨૦૧૧)



૧. પ.ભ. મણીભાઈ દલસુખરામ પટેલ (કરજીસણવાળા) (હાલ અમેરિકા)ને ત્યાં પધરામણી, સોલા.
કડી ગામે પ.ભ. લાલજીભાઈ નાનજીભાઈ પટેલ (દેવપુરાવાળા)ને ત્યાં પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, જમીયતપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩. મૂળી ગામે પ.ભ. નીરૂભા ગોવુભા પરમારને ત્યાં પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭. પ.ભ. પટેલ શંકરલાલ નારણદાસને ત્યાં પધરામણી, રાણીપ.
૮. અ.નિ. પ.ભ. ભાલજા સાહેબના 'શાંતિ સદન'માં પધરામણી, છીપાપોળ, કાલુપુર.
૧૧. પ.ભ. ઈશ્વરભાઈ પટેલ (માણસાવાળા)ને ત્યાં પધરામણી, સાયન્સ સીટી, સોલા.
પ.ભ. મનીષ જીતેન્દ્રકુમાર ચોકસીને ત્યાં પધરામણી, પ્રહલાદનગર.
પ.ભ. કૌશિકભાઈ પાટડીયાના ''શ્રીહરિ દર્શન જ્વેલર્સ''માં પધરામણી, સી.જી. રોડ, નવરંગપુરા.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર પધરામણી.
૧૩-૧૪. નારાયણપર (કચ્છ) પધરામણી.
૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા કથા પ્રસંગે પધરામણી.
૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ ધનુર્માસ ધૂન મહોત્સવ પ્રારંભ પ્રસંગે પધરામણી.
૧૭. ખેરોલ (તા. પ્રાંતિજ) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮. સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીના જન્મસ્થાન માલપુર (સાબરકાંઠા) ગામે પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર પોર ગામે (જી. ગાંધીનગર) પારાયણ પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા (ઉનાવા) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧. જેતલપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.
૨૨. કુડાસણ (જી. ગાંધીનગર) ગામે શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
૨૩. પીલુદરા ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૪. ઈસંડ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫. સાબરમતી રામનગર સત્સંગ સમાજ દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે. શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર પધરામણી.
બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિનગર મહાપૂજા પ્રસંગે પધરામણી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ન્યુ રાણીપ દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી, બૂટ ભવાની પાર્ટી પ્લોટ.
પ.ભ. અશોકકુમાર જોઈતારામ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.
૨૬. પ.ભ. ભરતભાઈ (રાજપુરવાળા)ને ત્યાં પધરામણી, રાણીપ.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ધૂન પ્રસંગે પધરામણી
પ.ભ. નારણભાઈ ઈશ્વરભાઈ પટેલને ત્યાં કથા પ્રસંગે પધરામણી, નારાયણ ફાર્મ સોજા.
૨૮. પ.ભ. જનકભાઈ વિનુભાઈ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.
૨૮-૨૯. માંડવી (કચ્છ) પધરામણી.
૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા કથા પ્રસંગે પધરામણી.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવતા હરિભક્તોને સૂચન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આપ જ્યારે પધરામણી કરાવો ત્યારે જે ચરણ ભેટ મૂકો ત્યારે કવર ઉપર આપનું પુરેપુરૂ નામ-સરનામું અને ફોન નંબર જરૂર લખવો. જેથી કરીને અમદાવાદ કાલુપુર મંદિરથી આપને ભેટ પાવતી મોકલવામાં સરળતા રહે. - મહંત સ્વામી

# ધનુર્માસ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

જ્યોતિષની દ્રષ્ટિએ ચંદ્ર એક રાશીમાં સવા બે દિવસ રહે અને સૂર્ય એક મહિનો એક રાશીમાં રહે. સૂર્ય જ્યારે ધન રાશીમાં પ્રવેશ કરે ૧૬ ડિસેમ્બર થી ૧૪ જાન્યુઆરી સુધી એક મહિનો રહે તેને ધનારક કહેવામાં આવે છે. ધન એટલે ધનરાશી, અર્ક એટલે સૂર્ય. ધનરાશીના અધિપતિ ગુરુ છે. એટલે એક મહિનો સૂર્ય-ગુરુ એક રાશીમાં સાથે રહે. સૂર્ય અને ગુરુ બન્ને અતિ તેજસ્વી ગ્રહો છે. બન્ને એક જ સ્થાનમાં ભેગા થાય ત્યારે તેજોદ્વેષ થવાની સંભાવના થાય છે. આ તેજોદ્વેષથી ગુરુ ગ્રહ બળહિન બને છે. તેથી શાસ્ત્રોમાં માંગલિક કાર્યો કરવા પર પ્રતિબંધ મૂકે છે.

ગુરુગ્રહના અધિપતિ ભગવાન વિષ્ણુ (નારાયણ) છે. ગુરુ બૃહસ્પતિની નિર્બળતાની અસર દેવોને તેમજ અધિષ્ટાતા ભગવાન વિષ્ણુને થાય છે. ભગવાન વિષ્ણુ સત્વગુણના પ્રતિક છે. સત્વગુણને હાનિ થતા તમો ગુણની માત્રા વધવાના કારણે તમાસી વૃત્તિયો વધુ બળવાન બને છે. તેથી આપણા ઋષિ મુનિઓએ ધનારકના સમય દરમિયાન એક મહિનો ભગવાન વિષ્ણુ (નારાયણ)ની પૂજા-ભજન-સ્તુતિ પાઠ, પુરઃશ્ચરણ, વિષ્ણુયાગ, નામ-કીર્તન કરનારને અધિક ફળ મળે એટલે કે કપરા સમયમાં કોઈ મદદ કરવામાં આવે તેની વિશેષ નોંધ લેવામાં આવે એ ન્યાયે ધનારકમાં કરવામાં આવતા વિષ્ણુ સંબંધી સત્કર્મોથી ભગવાન વિષ્ણુ (નારાયણ) ખૂબજ પ્રસન્ન થાય છે. તેથી આપણા પૂર્વજો ધનારકમાં વિષ્ણુ સહસ્ત્ર નામાવલિ અને ભગવદ્‌ગીતાનો પાઠ કરતા.

યોગાનુયોગ આ સમય દરમિયાન માગસર માસ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણએ સર્વ માસમાં માગસર માસને પોતાનું સ્વરૂપ કહ્યું છે.

વળી સૂર્યમાં ધનરાશીના અધિપતિ ગુરુ બૃહસ્પતિ હોવાથી આ માસ વિદ્યાભ્યાસ કલા-કૌશલ્ય શક્તિ મેળવવાનો ઉત્તમ સમય ગણાય છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ બળદેવજી ઉજ્જૈનમાં ૧૪ વિદ્યા અને ૬૪ કળાઓ અને ધર્નુવિદ્યા ગુરુ સાંદિપની પાસે શીખ્યા ત્યારથી આ માસનું બીજુનામ ધનુર્માસ પણ પડ્યું.

ગુરુ બૃહસ્પતિનું રોકાણ સૂર્યમાં રહેવાના કારણે આપણું શરીર સૂર્યપ્રભાવિત (આધારે) રહેતુ હોવાથી વિદ્યાભ્યાસનો પ્રારંભ કરવાનો ઉત્તમ સમય ગણાય છે. તેથી તો આપણા મંદિરોમાં વહેલી સવારે ભગવાનને ઉત્તમ ભોજન થાળ ધરાવીને ભગવાન પાસે પેન, પુસ્તક, નોટ, સ્લેટ, સ્કુલ-બેગ જેવી વસ્તુઓ મુકીને ભગવાન ભણવા જાય છે એવી ભાવના કરીએ છીએ. વળી નિત્ય જે જાગવા-પોઢવા જમાડવાના સમયમાં ફેરફાર કરીને વહેલા જગાડવા, વહેલા જમાડવા, વહેલા પોઢાડવાનો ભાવ વ્યક્ત કરીને વિદ્યાર્થી અવસ્થાનું પ્રતિક ઉપસ્થિત કરીએ છીએ. કેમ કે ભણવાનો સમય સવારનો ઉત્તમ ગણાય છે એટલે કે ભગવાનની વિદ્યાલય સવારની છે.

ધનરાશી દક્ષિણાયનનો આખરી તબક્કો હોવાથી સૂર્ય ધનરાશીમાંથી બહાર આવતાં ઉત્તરાયન તરફ ગતિ થતાં ઉત્તરાયણ પણ કહેવાય છે.

૧૪ મી જાન્યુઆરીએ સૂર્ય ધન રાશીમાંથી નીકળીને મકર રાશીમાં પ્રવેશ કરે છે તેને મકરસંક્રાન્તિ કહેવામાં આવે છે. દક્ષિણ તરફથી ઉત્તર તરફ ગતિ કરતા સૂર્યનું બળ અતિ ઉત્તમ ગણાય છે તેથી એવા સૂર્યના દર્શન અને સૂર્યમાં રહેલા ન્યુટ્રોન, પ્રોટોન અને ઈલેક્ટ્રોન જે આપણા શરીરના રક્ત સેલમાં પણ રહેલા છે. તેનો ભરપૂર લાભ લેવા પતંગ ઉડાડવાની પરંપરા ચાલી જેના કારણે વધુને વધુ સૂર્યનો તડકો શરીરને મળે.

વળી ધનારકના સમયમાં તામસ ગુણની પ્રબળતા થવાથી કુરુક્ષેત્રમાં કૌરવો-પાંડવોનું યુધ્ધ થયું હતું જેમાં મહારક્તપાત થતા પૃથ્વી પર હાહાકાર મચી ગયો હતો. તે સમયે પાંડવોએ સત્વના પ્રતિક ભગવાન શ્રીકૃષ્ણના શરણે જવાથી વિજય થયો.

આપણા ઈષ્ટદેવ શ્રીહરિ નિલકંઠવર્ણી સ્વરૂપે લોજ ગામે દસ માસ રહ્યા ત્યારે સંતોને ધનારક માસમાં વહેલા જગાડીને અષ્ટાંગયોગનો અભ્યાસ કરાવતા તેમજ પૂજા-કીર્તન, ભજન, કથા સત્સંગ આદિ વિવિધ સત્કાર્યો કરાવતા.

એ શ્રીહરિએ પ્રવર્તાવેલ પરંપરા અને આપણા

ઋષિમુનિયોએ જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ થતા મહાલાભનો લાભ મેળવવા મંદિરોમાં વહેલા ઉઠીને ''શ્રીસ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન્ય તથા કથાવાર્તા મહાપૂજા આદિ કાર્યક્રમો થાય છે. શિખરબધ્ધ મંદિર હોય કે હરિમંદિર દેશ-વિદેશના બધાજ (ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ ગાદીના) મંદિરોમાં નાના બાળકોથી લઈને વડિલો સપરિવાર ધૂન્યનો લાભ લઈ રહ્યા છે. આજે તો જાણે ધૂન્યમાં ન આવે તે સત્સંગની નાતબાર હોય એવું થઈ ગયું છે. મંદશ્રધ્ધા, મંદવેગવાળા પણ ધનુર્માસની ધૂન્યમાં આવવાનું ચૂકતા નથી.

કલિયુગમાં સર્વે સાધનો એક સાધનમાં સમાય એ એક માત્ર આધિન નામ કીર્તન ધૂન્ય સર્વશ્રેષ્ઠ ઉપાય છે. ગામડાઓમાં આપણા મંદિરોમાં ધૂન્યની પ્રથા જોઈ જોઈને અન્ય સંપ્રદાયના મંદિરોમાં ધૂન્ય કરવાનું અનુકરણ કરે છે.

દુનિયામાં જેમ ગુજરાતીના નવરાત્રીના ગરબા વખણાય એમ ધનુર્માસમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીનાં મંદિરોમાં પ્રાતઃકાલની ધૂન્યની બરાબરી કોઈ ન કરી શકે.

**સંપ્રદાયમાં આ પવિત્ર પરંપરાને વેગવાન બનાવનાર આપણા સત્સંગના યુગપુરુષ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. આજે આખુંય ધર્મકુળ કાલુપુર મંદિરમાં મંગળા આરતીથી રાજભોગ આરતી સુધી દર્શનનો લાભ આપે છે.**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દિવસ

**સંવત ૨૦૬૮ ફાગણ સુદ-૩ તા. ૨૪-૨-૨૦૧૨, શુક્રવાર**
**સમય સાંજે ૪-૦૦ થી ૭-૦૦**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ,**
**ટર્ફ સ્કુલ સામે, એ.ઈ.સી., પાછળ, નારણપુરા, અમદાવાદ-૧૩.**

શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પ્રથમ વાર્ષિક દિવસ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપૂર્ણ હૃદયના આશીર્વાદ અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી ભવ્યતાથી ઉજવવાનું આયોજન કરેલ છે. તે નિમિત્તે સમૂહ મહાપૂજામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે યજમાનોને મહાપૂજાનો લાભ મળશે. તેમાં જે સત્સંગી હરિભક્તોને લાભ લેવાની ઈચ્છા હોય તેમણે મુખ્ય યજમાનના રૂા. ૧૧,૦૦૧/- અને સહ યજમાનના રૂા. ૫,૦૦૧/- ના પાટલા રાખવામાં આવેલ છે. આ દિવ્ય લાભ લેવા ઈચ્છતા ભક્તોએ તા. ૩૧-૧-૨૦૧૨ ને મંગળવાર સુધીમાં પોતાનું નામ નોંધાવી દેવા ખાસ સૂચન છે.

સંપર્ક :
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ફોન નં. ૦૭૯-૨૭૪૯૯૫૯૭. મો. : ૦૯૯૨૫૦ ૪૨૬૮૬ (દાસભાઈ)

# માણીગરની માણકી

- નટુભાઈ બી. પટેલ (રાજપુરવાળા-કેનેડા)

નંદ સંતોએ આપણા સત્શાસ્ત્રોમાં લખ્યું છે, શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની કથા વાર્તા, કીર્તન ભક્તિ કે પછી એમની આ પૃથ્વી વિષેની મનુષ્યતન વિચરણ લીલાની સ્મૃતિ યાદ આવે તો ચોર્યાસીના ફેરા ફરવા ટળી જાય, ને અક્ષરધામની પ્રાપ્તિ થાય. એટલું જ નહી પણ એ નંદસંતો અને હરિભક્તો એ પ્રસાદીની જગ્યાઓ, વસ્તુઓ, પરચાઓ, એ માણકી ઘોડી, વિગેરે વૃતાંત, સ્મૃતિમાં રહે તો મોક્ષનું દ્વાર સહેજે સહેજે ખુલી જાય. આ વાતનું અનુસંધાન સાચી સમજણ સુધી રહે એ પણ ભક્તિ નાં એક પ્રકાર છે. એ ભક્તિનો ભાગરૂપે વ્હાલસોયી શ્રીજી મહારાજની માણકીની વાત કરીએ.

''માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી.''

અમદાવાદ મંદિર રંગ મહોલમાં શ્રી ઘનશ્યામ મહરાજની મૂર્તિ સમક્ષ શાંત અને કલાત્મક પરિસરમાં હરિભક્તોના મુખે ગવાતા આ શબ્દો એવા ઉડાં ઉતરી જાય છે કે મહારાજ અને માણકીમાં મોહ જન્માવી દે છે એની એ ઝાંખી મનને ટાઢકમાં ડુબોવી નાખે છે. મનને માણકી સહ માણીગરમાં રાચતું કરી નાખે છે. સહજાનંદી સિંહ સમી માવાની જીવનસંગીની એટલે માણકી ઘોડી. શ્રીહરિનાં ચરણમાં પોતાનું જીવન સમર્પિત કરનાર પશુયોનિમાં જન્મ લઈને મુક્તોની પંક્તમાં મોખરે રહી.

શોર્યવંતી, નશીબવંતી, જોમવંતી, કાર્યવંતી ચપળ, ચાલાક ચતુર, ચબરાક જોશીલી માણકીની વાત મનને સ્પર્શી અને પુણ્ય આપનારી છે.

સૌરાષ્ટ્રના જસદણના એક કાઠી દરબાર પાસે જાતવંત જબરી ઘોડી હતી. ઘોડી એના વટને લઈને કચ્છના એક મીયાણાને એ ચોરી જવાનું મન થયું. પ્રયત્નો કર્યા પણ હાથમાં આવી નહી. એટલે એણે નવી યુક્તિ કરી. પોતાના દીકરાને આ કાઠી દરબારના ત્યાં ઘોડારમાં અશ્વપાલની નોકરી કરાવી. લાગ જોઈ એનો દીકરો એક દિવસ આ ઘોડી ચોરી કચ્છમાં નાસી છૂટ્યો. કચ્છના દરિયા કિનારે એક દિવસ આ ઘોડી ચરતી હતી ત્યાં દરિયામાંથી એક દેવતાઈ જળઘોડો બહાર આવ્યો. આ જળઘોડો અને આ ઘોડીના પરિણામ સ્વરૂપે અગીયાર માસ પછી આ ઘોડીને વછેરીનો જન્મ થયો. અને એજ આ માણકી.

સમય જતાં આ વછેરી અને એની માને ભૂજના રાવે ખરીદી લીધા. આ રાવે એમના ફટાયા કુંવરની દિકરીને મીણપરના મનુભાના કુંવર સાથે પરણાવેલા તેથી રાવે કરિયાવરમાં પહેરામણી સાથે આ માણકી નામની વછેરી આપી હતી.

સંવત ૧૮૬૮ ના શ્રાવણ માસની શરૂઆતમાં શ્રીજી મહારાજે ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં સુરા ખાચરને બોલાવ્યા. મહારાજ કહે, દરબાર અમે એક માણકી નામની ઘોડીના વખાણ સાંભળ્યા છે. અમને ગમે છે. તો તપાસ કરી અમને લાવી દો. સુરાખાચરે મહારાજની આજ્ઞા સહર્ષ સ્વીકારી તપાસ આદરી. જાણ્યુ કે મીણપરના મનુભાની આ ઘોડી છે.

ભેંસદડના કાયાજી બાપુ સુરા ખાચરના મિત્ર હતા અને કાયાજી આ મનુભાને સારી રીતે ઓળખતા. સંવત ૧૮૬૮ ના શ્રાવણ સુદ-૭ ના દિવસે સુરા ખાચર, શ્રીજી મહારાજ અને કાયાજી બાપુને લઈ મનુભાને ત્યાં મીણપર પધાર્યા. મનુભાના ફળિયામાં મહારાજ પ્રવેશતા જ મંગળ વાતાવરણ સર્જાઈ ગયું. વર્ષોની ઓળખાણ હોય તેમ ખૂણામાં બાંધેલી માણકી હણહણતી સર્વેને આવકારવા લાગી. માણીગર અને માણકીની ચાર આંખો એક થઈ ! વર્ષોના વિરહ પછી મળ્યાની પૃષ્ટિ થઈ. એક ગજબ પ્રકારનું ચેતન અને આકર્ષણ માણકીમાં આવી ગયું. આનંદવિભોર અબોલ પ્રાણીની આંખમાંથી ટપ ટપ આનંદના આંસુ પડવા લાગ્યા. મહારાજ અને માણકી એક થયા. હૈયા ટાઢા થયા. વર્ષોનો વિરહ તુટી ગયો. મહારાજ ફટાફટ માણકીના પાસે દોડી ગયા. માણકીના માથે જમણો હાથ મૂક્યો. કેશવાળી પ્રેમથી સવારી. માણકી પાવન થઈ ગઈ. પ્રતિક્ષાનો અંત આવી ગયો. ખુશ ખુશ થઈ ચાર પગે કુદવા લાગી. મનનો માણીગર મળ્યો એની ખુશી રોકી ના શકી.

મનુભા હાજર ન હતા. પણ તેમની લાડકવાયી દસ વર્ષની દિકરી મોંધીબા આ બધું જોઈ રહી હતી. માણકીને તેણે આટલી બધી હર્ષઘેલી ક્યારેય જોઈ નહોતી. એ સમજી ગઈ કે આવનાર છોગલાવાલો શ્રી સહજાનંદ જ હોય તો જ આમ બને ! મોંધીબાએ મહારાજ, કાયાબાપુ અને સુરાખાચરને બેસવાની સગવડ કરી.

કાયાજી બાપુને મોંધીબા ઓળખતા હતા. મોંધીબાએ કાયાજી બાપુ સામે જોઈ કહ્યું, કેમ આવવું થયું ? બાપુ ઘેર નથી. ત્યારે કાયાજી બાપુએ કહ્યું. દિકરી આ તમારી માણકી આ સ્વામિનારાયણ ભગવાનને ગમે છે. અને અમારે અપાવવી છે. ત્યારે મોંધીબા કહે એમાં શું ? ભગવાનને જોઈતી હોય તો હું આપું. એમાં બાપુની રાહ જોવાની કે પૂછવાની જરૂર નથી. એમ કહી ખૂણે બાંધેલી માણકીની લગામ ઝાલી મહારાજની પાસે લઈ આવ્યા. મહારાજને ચાંદલો કર્યો. માણકીને ચાંદલો કર્યો. પછી માણકીની લગામ મહારાજના હસ્ત કમળમાં આપતાં મોંધીબા બોલ્યા લ્યો, પ્રભુ ! આ આપની માણકી સહર્ષ લઈ જાઓ ! મોંધીબા મહારાજના પગમાં પડ્યા ! મહારાજ મોંધીબાના વિનય વિવેકથી ખૂબ પ્રસન્ન થયા. મહારાજે રાજી થઈને હેતપૂર્વક રૂા. ૬૦-૦૦ અને સાકારનો પડીઓ પ્રસાદીરૂપે મોંધીબાને આપ્યો અને કહ્યું તમે ખૂબ મોંઘા થશો. રાજરાણી થશો એમ કહી રૂડા આશીર્વાદ આપ્યા. સમય જતા મોંધીબાના લગ્ન ગોંડલના નરેશ સંગ્રામસિંહ સાથે થયા.

મહારાજ માણકી ને લઈ ગઢડા પધાર્યા. બસ ત્યારથી જ માણકી પડછાયાની જેમ મહારાજ સાથે રહી. જ્યાં મહારાજ ત્યાં માણકી અને જ્યાં માણકી ત્યાં મહારાજ એમ કહેવાતું, ગુજરાત-કચ્છ, સોરઠ કે ઝાલાવાડ મહારાજ માટે ટૂંકા કરી દીધા. માણકી દેવતાઈ ઘોડી હતી. મહારાજની મરજી અને જરૂરીયાતને જાણી લેતી. મહારાજ લાડ લડાવે તો રાજી થઈ નાચતી, કુદતી, ઠેક મારતી, મરોડ લેતી, લાંબી છલાંગને હરણ છલાંગ મારતી. ગોળ-ગોળ ફરી મહારાજને રાજી કરતી. ક્યારેક તો ગરૂડ ગતીથી મહારાજને સહેલ કરાવતી. ચેતક ઘોડાને શરમાવે તેવી નમણી ચાલ હતી. ભલભલાને એના કામણગારા નયનોથી પ્રભાવિત કરી દેતી. મોહક કેશવાળીથી ભલભલા અશ્વપાલો ની નજર એમાં ચોંટી જતી. લાડુબા જીવુબાના મહારાજ તરફના ખૂબ પ્રેમને જોઈ એ લાડુબા, જીવુબાની બહેનપણી બની જતી. અને લાડુબા-જીવુબાના પક્ષમાં થઈ મહારાજને પ્રેમથી અસવાર થતા રોકતી. આવી તો તેની ખુમારી હતી. સ.ગુ. પ્રેમાનંદ સ્વામી તો માણકીના વખાણમાં કલમ રોકી શકતા નહી અને માણકી એના વખાણ વાળા પદો સાંભળતાં ખૂબ રાજી થતી ને મલક-મલક મલકાતી.

કુદરતી પ્રકોપ-ધીંગાણાના અણસાર-માઠા પ્રસંગની પહેચાન મહિના પહેલા માણકીને આવી જતી. નાના ખાચરની સેવાથી ખૂબ રાજી રહેતી. આવા અણસારથી હમેંશા - આ દરબાર અને મહારાજને એન કેન પ્રકારે જાણ કરતી. આ અશ્વિની એક જાગૃત-પ્રાણી હતું. માણકીને કોઈ શેતાન સ્પર્શ કરે તો તેની શેતાનીયત દૂર થઈ જતી. ખૂંખાર ડાકૂ જોબન પગી કે જેને ગાયકવાડ સરકારનું લશ્કર ના હંફાવી શક્યું ! ના પકડી શક્યું ! એને આ માણકીએ સ્પર્શ માત્રથી મહારાજના ચરણનો દાસ બનાવી દીધો ! શ્રીજી મહારાજના અંતરધ્યાન થયા પછી માણકીએ મહારાજના વિરહમાં અન્નજળ છોડી દીધા. આંખોમાં આજ્ઞાકારીપણાના નીર સુકાવી દીધા. માણીગરના વિરહમાં ઝુરી ઝુરીને દેહને સુકવી નાંખ્યો. ના ખાવું, ના પીવું, ના ઉંઘવું, ના મલકાવું જાણે એકલી પડી ગઈ હોય એમ ટપ ટપ આંખોમાંથી રડ્યા જ કરવું રડ્યા જ કરવું ! એમ કરતી થઈ ગઈ. દાદા ખાચર આ દશા જોઈ રડી પડતા અને કહેતા ધન્ય છે આ ઘોડીને ! આપણા કરતાં એની સમજણ કેવી જબરી છે ! બરાબર તેરમાના દિવસે મહારાજનો વિરહ સહન ના થવાની હદ આવી ગઈ. માણકી એ દેહ મૂકી દીધો ! આખું ગઢડા રડી પડ્યું. સંતોની આંખો ભરાઈ આવી. હરિ ભક્તો અડધા થઈ ગયા.

ધન્ય છે આ પશુને ! ધન્ય છે આ સ્વામીત્વ ભક્તિને ! ધન્ય છે આ માણકીને !

ધન્ય છે, આ પશુને, જેણે ઓળખ્યા પ્રભુને.
ધન્ય છે આ ભક્તને, જેણે જીવંત કરી ભક્તિને.
ધન્ય છે આ માણકીને, જેણે માણ્યા મહારાજને.

છેલ્લે માણકીનો વંશ આપણા મૂળી મંદિરમાં ઘણા વરસો સુધી હયાત હતો.

# રહીએ હરિના વચનમાંજી

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક, ગાંધીનગર

બ્રહ્મચારી ! સંસારી ગૃહસ્થળોને તેમના પહેલાં પોતાનો એકનો એક દીકરો અવસાન પામે તો દુઃખ તો થાય. શ્રીજીમહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું.

હા, મહારાજ, દુઃખ તો બિચારાને પારાવાર થાય. દિવસ રાત કાઢવા દોહ્યલા થઈ પડે. કારણ કે પુત્ર એ માતા પિતાનું ભવિષ્ય છે. તેના જવાથી તેમનું જીવન અંધકારમય બની જાય. પછી તો શું થાય ! સમય વિયોગનું દુઃખ ઓછું કરી દે. બ્રહ્મચારીએ કહ્યું.

શ્રીહરિએ પોતાની વાત કરી. અમે બાળપણમાં રમવા જતા ત્યારે જમવાના સમયે ઘેર ન આવીએ તો માતાજી આકુળ-વ્યાકુળ થઈ જતા પિતાજીને કહેતા, જાઓ ઘનશ્યામજીકો અભિ અભિ ઢૂંઢ લાઓ. માતાજીનું હેત અમારા ઉપર બહું હતું. એ વાતની યાદ આવે છે ત્યારે અમે પણ ભાવુક બની જઈએ છીએ. ગૃહસ્થને તો પુત્ર પોતાની જીવાદોરી સમાન લાગતો હોય છે. પણ આ સામેથી આવે છે તે બહેનને તમે જુઓ.

પોતાના ભક્તજન એવા દુર્લભરામ વડોદરાના પુત્રના અવસાન પ્રસંગે શ્રીજી મહારાજ મહેમદાવાદ પધાર્યા હતા. શ્રીહરિ જમવા બેઠા ત્યારે દુર્લભરામના પત્ની ઉમિયાબહેન સામેથી આવી રહ્યા હતા. લગ્નની જાનમાં પહેરે તેવા નવા નવા ભારે કિંમતના કપડાં પહેર્યા હતા. શરીર ઉપર ભારે મૂલ્યવાળા સોનાના ઘરેણાં પહેર્યા હતા. કપાળમાં કુમકુમનો ચાંદલો હતો. મુખ પર આનંદ આનંદ વરતાતો હતો. ભગવાનને જમાડવા માટે હાથમાં થાળ લઈને આવતા હતા. શ્રીહરિ બ્રહ્મચારી સાથે વાત ચાલુ રાખે છે. આ બહેનનો એકનો એક દીકરો હમણાં જ દેહ મૂકી ગયો છે પણ તેમના મુખ પર જરીકે શોક જેવું દેખાય છે ? અમે અહીં આવ્યા તેથી તે અતિ રાજી છે. તેમના હૈયે દીકરો ગુમાવ્યાના દુઃખ કરતા અમે અહીં આવ્યા તેથી થયેલા આનંદનું પ્રધાનપણું છે. ઉમિયા બહેને થાળ શ્રીહરિ આગળ મૂકી કહ્યું, જમો મહારાજ ! મેં જાતે પવિત્ર પણે રસોઈ બનાવી છે.

જમતાં જમતાં શ્રીહરિએ પૂછ્યું, તમારો પુત્ર દેહ મેલી ગયો તેનો તમને શોક નથી થતો ? બહેને કહ્યું, હે મહારાજ, મારો દીકરો તો તમારા ધામમાં ગયો છે અહીં હતું તેનાથી કોટિ ગણું વધારે સુખ તમે તેને આપ્યું છે. પછી મને દુઃખ શા માટે થાય ? પ્રભુ ! તમારી અપાર દયા છે. વાત સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા.

જમ્યા પછી થોડીવાર પોઢી ગયા. સાંજના સમયે ચોક વચ્ચે ગ્રામ જનોની સભા થઈ તેમને દર્શન દેવા મહાપ્રભુ સભામાં આવી વિરાજમાન થયા. કેટલીક ઉપદેશાત્મક વાતો કરી. પછી ત્યાં બેઠેલા બેચર ભટ્ટ અને દુર્લભરામ વડાદરાને બોલાવ્યા અને કહ્યું, તમારે બે વચ્ચે અણબનાવ છે તે અમે સમાધાન કરાવીએ. ત્યારે દુર્લભરામે કહ્યું, હે મહારાજ ! તમે જો પરસ્પર દંડવત પ્રણામ કરાવી માફી માગવાની વાત કરવાના હો તો એ મારાથી નહિ બને.

શ્રીહરિ બોલ્યા, ના, ના. દંડવત પ્રણામ નથી કરવા. બેચર ભટ્ટ તમારા જોડા ઉપાડે અને તમે એની પાઘડી ઉપાડો. એક બીજા જય સ્વામિનારાયણ કરો. બસ એટલુંજ. બેચર ભટ્ટ તમારા જોડા ઉપાડવા તૈયાર છે.

દુર્લભરામે તિરસ્કારના ભાવથી કહ્યું, એ ભિખારાની પાઘડી હું ઉપાડું ? એ કદિ નહિ બને. હું આબરૂદાર ધનિક છું. ગામનો આગેવાન છું. ઠેબે મારું એની પાઘડીને.

શ્રીજી મહારાજ નારાજ થઈ ગયા. ત્યાંથી પોતે વડતાલ પધાર્યા. થોડા સમય પછી રામનવમી આવી. દુર્લભરામ અને ઉમિયાબહેન સમૈયે વડતાલ આવ્યા. ત્યાં દુર્લભરામજી માંદા પડ્યા. તાવમાં પટકાયા. બિમારી દિવસે દિવસે વધતી ગઈ. ઉમિયાબા મહારાજ પાસે આવ્યા અને કહ્યું, હે મહારાજ, તમારા ભગતને મંદવાડ વધતો જાય છે. શું કરવું ? મને સુઝ પડતી નથી.

ઉમિયાબા ! શ્રીહરિ બોલ્યા, તમારા ધણીનો દેહ રહે એમ લાગતું નથી. થાય તેટલી સેવા ચાકરી કરો.

ઉમિયાબા થોડા ગમગીન થઈ ગયા. મહાપ્રભુને કહ્યું, હે મહારાજ, તમે એને ધામમાં લઈ જાઓ એમાં તો હું રાજી છું. તમારી મરજીમાં મારી મરજી છે. પણ ગામના લોકો એમ કહેશે કે મોટા ઉપાડે સ્વામિનારાયણના દર્શને ગઈ અને વિધવા થઈને આવી. લોકો આવું બોલશે. છતાં હે મહારાજ તમારી જેમ ઈચ્છા હોય તેમ કરજો. આપની અનુવર્તીમાં રહેવામાં મારે સુખ છે.

ઉમિયાબાના વચન સાંભળી મહારાજ રાજી થયા અને કહ્યું, ઉમિયાબા, તમે ચિંતા કરશો નહિ. તમારા પતિને અમે નહિ મરવા દઈએ. એમને અમે સાજા કરી દેશુ. તમે એને દહીંમાં સાકર નાખીને પાજો. એમને સારું થઈ જાશે. ઉમાયાબાએ બે-ચાર દિવસ દહીં-સાકર પાયા. દુર્લભરામનો મંદવાડ જતો રહ્યો.

ઉમિયાબહેનની સમજણમાં અને દુર્લભરામની સમજણમાં મોટો ફરક હતો. ઉમિયાબહેનની ઉપાસના અને સમજણ ઉત્તમ હતા. તેથી તેના ઉપર મહારાજ રાજી રહેતા. દુર્લભરામથી મહારાજનું વચન મનાણુ નહી તો પોતે લાખો રૂપિયાનો આસામી હતા પરંતુ મહારાજનું વચન ન માન્યું તો એ બધી લક્ષ્મી ધીરે ધીરે પગ કરી જતી રહી. તેમની ઉત્તરાવસ્થામાં તે સાવ નિર્ધન સ્થિતિમાં આવી ગયા હતા. શાસ્ત્રો તથા સત્પુરૂષો કહે છે કે ભગવાન તથા સંતના વચનમાં સુખ છે.

# શ્રીહરિના મુખેથી મૂળીધામ મહિમાના વચનો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ઝાવાવાડ દેશમાં મૂળી નામે એક પ્રખ્યાત નગર છે. પરમારની અટક વાળા ક્ષત્રિયોના રાજ્ય શાસનથી તે પરમારોનું મૂળી એમ પંકાયેલુ છે. પોતાના કિરણો વડે રાત્રિનો અંધકાર કરી લેતા અને ભક્તોને ઘણું સુખ આપતા મહા ઐશ્વર્યવાન સૂર્યનારાયણ 'માંડવરાય' નામે પોતાની મૂર્તિ સ્વરૂપે તે નગરમાં સદાય રહેલા છે. આ નગરની પશ્ચિમ દિશામાં ભોગાવો નામની નદી, ઉત્તર દિશા તરફ વહે છે. નગરની ઉત્તર દિશામાં, સદા નિર્મળ ઠંડા જળવાળી, પગથિયાઓની હારમાળાઓ વાળી અને મનોહર એવી પ્રસાદીની અલર્ક નામે વાવ આવેલી છે. આ નગરનો મુખ્ય મહિમા એ છે કે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી પાસે અતિ સુંદર મંદિર નિર્માણ કરાવીને તે મંદિરના મધ્ય ખંડમાં સંવત ૧૮૭૯ મહા સુદ-૫ (વસંત પંચમી)ના રોજ શ્રીહરિએ સ્વહસ્તે રાધાકૃષ્ણ સહિત પોતાની હરિકૃષ્ણ નામની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે. મધ્ય મંદિરથી ડાબી બાજુના મંદિરમાં શ્રીહરિએ રણછોડ-ત્રિકમરાયની સ્થાપના કરી છે. તેમજ તે જ વર્ષે વૈશાખ સુદ બારસના દિવસે શ્રીહરિએ મધ્ય મંદિરથી જમણી બાજુના મંદિરમાં ધર્મ પિતા અને ભક્તિમાતાની સ્થાપના કરી છે તથા તે ધર્મ-ભક્તિના મંદિરની જમણી બાજુના ભાગમાં નીલકંઠ શિવજીની સ્થાપના કરી છે.

શ્રીહરિ કહે છે, હે ભક્તો ! ઈશ્વર મૂર્તિ શ્રીકૃષ્ણને આ મૂળી, દ્વારકા કરતાં પણ અધિક પ્રિય છે. અને મને પણ, મારા સર્વે મંદિરોમાં અધિક પ્રિય છે. મગધ દેશના જરાસંઘ આદિક રાજાઓનો યુધ્ધાદિકનો ઉપદ્રવ થતાં. શ્રીકૃષ્ણ ભગવાન મથુરાથી અહીં મૂળીમાં આવીને ત્રણ વર્ષ રહ્યા હતા. અહીં જ આ ભોગાવો નદી છે તેમાં લક્ષ્મીપતી શ્રીકૃષ્ણએ સ્વભક્તોએ સહિત વારંવાર સ્નાન કર્યું છે. તેથી મને પણ તે અતિ પ્રિય છે. વળી નજીકમાં આવેલી આ અલર્ક નામે વાવમાં તે શ્રીકૃષ્ણ અને મેં પણ સ્વભક્તો મુનિ-વર્ણીઓ સહિત, પ્રીતિ પૂર્વક સ્નાન કરેલું છે. જળક્રીડા કરેલી છે. તેથી તે નદી અને અલર્ક વાવ એ બંને મહાપવિત્ર છે અને સ્નાન માત્રથી જ પાપ નાશક છે. એમ જાણીને તમારે સર્વેએ તે બંનેમાં સ્નાન કરવું. આ મહા નદીમાં બ્રહ્મધરામાં તથા અલર્ક વાવમાં સ્નાન-શ્રાધ્ધ કરશે તે જનો દેહાંતે શ્રીહરિના અક્ષરધામને નિશ્ચે પામશે. જે જનો અહીં આવીને મેં સ્થાપન કરેલી આ રાધાકૃષ્ણ તથા મારી પ્રતિમાનું દર્શન કરશે, ભોગાવો નદીમાં સર્વ પાપ હરણ માઘ સ્નાન કરશે, સંત-વર્ણીઓને બ્રહ્મભોજન કરાવશે તથા નારાયણ બલિ કરાવશે તે સર્વેના સર્વ મનોરથો તત્કાળ સિધ્ધ થશે. એકાદશી અથવા દર માસની પૂનમના દિવસે રાધાકૃષ્ણનું જે નિયમપૂર્વક દર્શન કરશે તે જીવતા થકા અક્ષરમુક્ત સમાન થશે. મારા આશ્રિત, સત્સંગીજનોએ તો વૈશાખ સુદ બારશે કે કારતક માસની પૂર્ણિમાના દિવસે, આ મૂળીપુરીમાં આવીને આ રાધાકૃષ્ણનું દર્શન અવશ્ય કરવું. માઘ સુદ પાંચમે આ રાધાકૃષ્ણદેવ અને મારી મૂર્તિના દર્શન કરી, યથાશક્તિ સાધુ - બ્રાહ્મણોને ભોજનદાન કરવું. આ શ્રી રાધાકૃષ્ણના દર્શનથી અહીં દ્વારિકાની યાત્રા સિધ્ધ થશે. કેમ કે શ્રીકૃષ્ણના નિવાસથી મૂળીપુરી પણ દ્વારકા સમાન થયેલી છે. હે ભક્તજનો ! દસ વખત તીર્થયાત્રા (ચારધામ) કરવાથી જે ફળ થાય, તેટલું ફળ તો, માઘ સુદ પાંચમ (વસંત પંચમી)ના દિવસે આ રાધાકૃષ્ણ દેવના દર્શન માત્રથી જ થાય છે.

શ્રીહરિકૃષ્ણ લીલામૃત-ઉત્તરાર્ધ અ. ૯૨ માં શ્રીહરિ કહે છે, તીર્થમાત્રનું મૂળ કારણ આ નગરી છે. માટે તેનું ''મૂળી'' એવું નામ પ્રસિધ્ધ છે. આ ભોગાવા નદીમાં ગુપ્ત ગંગાનો નિવાસ છે. માટે તેમાં જે સ્નાન કરશે તેને ગંગા સ્નાનનું ફળ મળશે એમાં કોઈ સંશય નથી. ભોગાવો નદીના તટ ઉપર કોઈ પિતૃશ્રાધ્ધ કરશે તો તેના પિતૃઓ વિના પરિશ્રમે અક્ષરધામમાં જશે. અયોધ્યા, મથુરા, કાશી, પ્રયાગ, ગયા વગેરે સર્વ તીર્થો આ મુળીપુરમાં રહે

છે. વસંત પંચમી તથા જન્માષ્ટમી એમ બે સમૈયા અમે અહીં કરવાનું કહ્યું છે. માટે આ બંને સમૈયા ઉપર દરેક હરિભક્તે અહીં આવવું. જે ભક્તો આ બંને સમૈયા ઉપર ભાવથી મુળીપુર આવશે તેમને ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળશે. શેષ મહેશ, શારદા તથા ગણપતિ આદિક મુખ્ય દેવો પણ આ મુળીપુરના માહાત્મયને કહેવા સમર્થ નથી. શ્રીહરિ મૂળીપુરના રામાભાઈ રાજાને કહે છે, હે રામાભાઈ ! અમે દાદાખાચરના દરબારમાં રહીએ છીએ એ જ રીતે તમારા મૂળીપુરમાં રહેશું, રાધાકૃષ્ણના મંદિરમાં તેમજ તમારા દરબારમાં પણ રહેશું. કારણ કે સર્વ કરતાં આ મૂળી ધામ અમને અત્યંત પ્રિય છે.

મુળીપુરધામની સર્વ ભૂમિ શ્રીહરિના ચરણોથી અંકિત અને અનેક દિવ્ય લીલા ચરિત્રોની સાક્ષીરૂપ છે. આ ભૂમિ પર શ્રીહરિએ મોટી સભાઓ કરીને અસંખ્ય ભક્તજનોને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી છે. ધર્મોપદેશ આપ્યો છે. સંતો, બ્રાહ્મણો, ભક્તોને જમાડ્યા છે. બ્રાહ્મણોને ખૂબ દાન આપ્યા છે. મંદિરની ત્રણ માળની કાષ્ટકલાની બેનમૂન હવેલી પણ અતિ દર્શનીય છે. હવેલીમાં ઘણી વસ્તુઓ શ્રીહરિની પ્રસાદીની છે. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પૂજેલા શાલિગ્રામ ભગવાન, શ્રીહરિ નિત્ય સ્નાન કરતા તે પ્રસાદીનો બાજોઠ, પ્રસાદીનો કૂવો, પ્રસાદીનો દરબારગઢ, દરબાર-પા માં આવેલ પ્રસાદીના શ્રી રાધાકૃષ્ણ બળદેવજી, ભગવાન શ્રીહરિએ ભરવાડ વેશે બતાવેલ પ્રસાદીની જ્ઞાનવાવ, શ્રી બ્રહ્મમહોલ વગેરે ઘણું અતિ દર્શનીય છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ધર્મકુળ મૂળીના વસંત પંચમી તથા જન્માષ્ટમીના સમૈયામાં ખાસ પધારતા હોય છે. વસંત પંચમીના દિવસે હજારો ભક્તજનોને રંગોત્સવનું સુખ પણ આપતા હોય છે. પ.પૂ. મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ પણ મૂળી મંદિરમાં ઉજવાયો હતો અને એ રીતે એક વિશેષ ઉત્સવ-સમૈયો મૂળી મંદિરને સાંપડ્યો. ચાલુ વર્ષમાં તા. ૨૮-૧-૨૦૧૨ ને શનિવારના દિવસે વસંત પંચમી આવે છે તેથી આ દિવસે મૂળી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ ઉજવાશે, મંદિરમાં ઉત્સવ-સમૈયો થશે. આપણે સૌ આ દિવ્ય સુખના ભોકતા બનીએ એ જ અભ્યર્થના.

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારામાં દશાબ્દી મહોત્સવ પ્રસંગે આવનાર હરિભક્તોને સૂચના**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારામાં તા. ૨૮-૧-૨૦૧૨ થી તા. ૧-૨-૨૦૧૨ પર્યન્ત દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે ઠાકોરજીનો પાટોત્સવ, અભિષેક, અન્નકૂટોત્સવ, શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણ, ત્રિદિનાત્મક હરિયાગ આદિ ઉત્સવો ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગમાં લાભ લેવા આવનાર હરિભક્તો માટે ઉતારા પાણીની વ્યવસ્થા સુંદર અને સુવ્યસ્થિત થઈ શકે તે સારું અગાઉથી નીચેના ફોન નંબર ઉપર જાણ કરવી જેથી આપની અમે અગાઉથીજ વ્યવસ્થા કરી શકીએ જેની ખાસ નોંધ લેવી.

(મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી)

સંપર્ક : જીતુ ભગત ૦૯૩૫૨૩૦૧૪૧૦, ૦૯૯૮૩૦૦૧૨૨૬
શ્રી સ્વામિનારાયણ મંદિર, બસ સ્ટેન્ડ સામે, નેશનલ હાઈવે નં. ૮, નાથદ્વારા (રાજસ્થાન).

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં ફોટા અને સત્સંગ સમાચાર મોકલતા સંત હરિભક્તોને સૂચન**

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશન માટે જે સંત હરિભક્તો સત્સંગ સમાચાર અને ફોટા સીડી અથવા મેઈલમાં મોકલે છે તેમને ખાસ સૂચન છે કે **દર માસની ૨૦ તારીખ સુધીમાં મોકલી આપવા.** સમાચાર ટુંકા, મુદ્દાસર અને સ્વચ્છ અક્ષરથી લખવા, ફોટાની વિગત ખાસ લખવી. જે પ્રસંગમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અથવા પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિ હોય તેજ ખાસ મોકલવાનો આગ્રહ રાખવો.

વિદેશના અમેરિકાના હરિભક્તોને ખાસ સૂચન છે કે સમાચાર જે અગત્યના હોય તેજ મોકલવા અને ખૂબજ મુદ્દાસર અને ટૂંકમાં લખવા વિનંતી છે.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

આપણા મ્યુઝિયમને એક વર્ષ આગામી ફાગણ સુદ-૩ ને તા. ૨૪-૨-૨૦૧૨નાં રોજ થશે.... એ દિવસે સાંજે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની સાથે સમૂહ મહાપૂજા થશે અને બ્રહ્મ ભોજન વગેરે કાર્યક્રમો દ્વારા એક વર્ષની ઉજવણી થશે. આ એક વર્ષ દરમ્યાન દેશ વિદેશના કંઈ કેટલાય લોકોએ મ્યુઝિયમની મુલાકાત લીધી અને દરેકે મ્યુઝિયમને ખૂબજ વખાણ્યું છે. અને સાથે આવી અમૂલ્ય ભેટ આપવા બદલ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીને પણ મન મૂકી બિરદાવ્યા છે. અને કેમ ના હોય ! કારણ કે બાપજી હજુ આજે પણ સતત મ્યુઝિયમ વિશે જ વિચારે છે. ધનુર્માસમાં વહેલી સવારે કાલુપુર દર્શન કરીને મ્યુઝિયમ આવી બાપજી નિત્ય મ્યુઝિયમની પ્રદક્ષિણા કરે છે.હજી આજે તા. ૨૭-૧૨-૨૦૧૧આ લખાય છે ત્યારે સવારે બાપજી ૧૧-૦૦ વાગે મ્યુઝિયમમાં પધરાવેલ શ્રી નરનારાયણદેવનાં દર્શન કરી ઘેર જવા ગાડીમાં બેસી ગયા બહાર એક ભાઈ દોડતા આવી કહે, બાપજી બે મિનિટ રોકાવને ઘાટકોપર - મુંબઈથી આવેલ બાળકોને આપના દર્શન કરવા છે. કોઈ કારણસર તેઓને આવતાં વાર લાગી જેથી બાપજી બહાર પટાંગણમાં તે બાળકોની રાહ જોતા ૧૦-૧૫ મિનિટ ઉભા રહ્યાં અને સોએક બાળકોએ દર્શન- ચરણસ્પર્શ કર્યાં બાદ જ ત્યાંથી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી - ડિસેમ્બર ૨૦૧૧

- રૂા.૫૦૦૦/- નિહારિકાબેન તેજેન્દ્રપ્રસાદજી પાંડે (બિન્દુરાજા) અમદાવાદ
- રૂા.૧૫૧૦૦૦/- પટેલ કમુબેન અને ગોરધનભાઈ ત્રિભોવનદાસ - ઈટાદરા
   હ.પટેલ હિનાબેન અને વિનયકુમાર ગોરધનભાઈ (U.S.A.)
- રૂા.૫૧,૦૦૦/- શ્રીમતિ નિકિતા નિકુંજભાઈ પટેલ - કરજીસણ લગ્ન નિમિત્તે
  હ.મણીલાલ દલસુખભાઈ પટેલ,અમીબેન,નિકુંજ, વૈશાલી
- રૂા.૫૦૦૦૦/- નામદેવ પરિવાર હ. લાલભાઈ પટેલ - કેદાર કોટન ઈન્ડ. - કડી
- રૂા.૧૧૦૦૦/- ધીરજભાઈ કરશનભાઈ પટેલ - ધર્મપુર
- રૂા.૧૦૦૦૧/- તૃપ્તિબેન એસ. પટેલ - અમદાવાદ
- રૂા.૧૦૦૦૦/- અ.નિ. રઈબેન પ્રહલાદભાઈ પટેલ - જમીયતપુરા
  હ.શ્રી દશરથભાઈ ના માતૃશ્રીના સ્મર્ણાર્થે (સ્કીમકમિટી સભ્ય)
- રૂા.૧૦૦૦૦/- પુનમભાઈ એમ. પટેલ - અમદાવાદ
- રૂા.૯૨૦૧/- લાપાબેન બંકીમભાઈ રાવલ - અમદાવાદ
  હ. રાજનભાઈ દેસાઈ
- રૂા.૫૫૫૫/- લતાબેન- સોનલબેનના લગ્ન પ્રસંગેભેટ હ. કાચા ટેલર્સ - લેસ્ટર
- રૂા.૫૦૦૦/- જશુભાઈ જે. ચાવડા - બળોલ ભાલ હા. અમદા. ચિ.મયુર-હેતલના લગ્ન પ્રસંગે ભેટ હ. વિણાબેન જશુભાઈ ચાવડા
- રૂા.૫૦૦૦/- પરષોત્તમભાઈ રવજીભાઈ ગોહેલ - સુરત
- રૂા.૫૦૦૦/- પુષ્પાબેન પરષોત્તમભાઈ ગોહેલ - સુરત
- રૂા.૫૦૦૦/- જીગ્નેશ પરષોત્તમભાઈ ગોહેલ - સુરત
- રૂા.૫૦૦૦/- હરમિશ પરષોત્તમભાઈ ગોહેલ - સુરત
- રૂા.૫૦૦૦/- સોનલબેન જીગ્નેશભાઈ ગોહેલ - સુરત
- રૂા.૫૦૦૧/- જીગ્નેશકુમાર નારણભાઈ હ. ગંગારામભાઈ-અમદાવાદ
- રૂા.૫૦૦૦/- જયંતિલાલ જી. પટેલ - ઉંઝા
- રૂા.૫૦૦૧/- અનિલકુમાર હર્ષદરાય દેસાઈ - અમદાવાદ હ. રાજનભાઈ
- રૂા.૫૦૦૦/- માવજીભાઈ મોહનભાઈ ચાવડા - બળોલ ભાલ
- રૂા.૫૦૦૦/- કાંતિલાલ નાથાભાઈ પટેલ -થલતેજ
- રૂા.૫૦૦૧/- મિનેષ મોદી - અમદાવાદ હ. ચેતન જાની
- રૂા.૫૦૦૦/- રામચંદ્ર ચિમનલાલ પટેલ - ઘાટલોડીયા
- રૂા.૫૦૦૧/- અશોક પ્રભુદાસ ઠક્કર - અમદાવાદ હ. મીનાબેન
- રૂા.૫૦૦૦/- મુકેશકુમાર કાંતિલાલ પટેલ - કલોલ
- રૂા.૫૦૦૦/- પટેલ હિતેન્દ્રકુમાર વિરમભાઈ - આકરૂન્દ તા. ધનસુરા
- રૂા.૫૦૦૦/- મહેશભાઈ એસ. પટેલ (લાલોડાવાળા) વાપી
- રૂા.૧૦૦૦૦/- ઘનશ્યામ એન્જીનીયર ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ
- રૂા.૫૦૦૦/- પટેલ મનસુખભાઈ સી.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ડિસેમ્બર ૨૦૧૧

તા. ૦૩. અ.નિ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ
હ.જતીન, સાજન, કિરણ - મણિનગર
તા. ૦૪. નારણપુરા સત્સંગ સમાજ - હ. શ્રીજી સ્વામી - મહંતશ્રી નારણપુરા
તા. ૦૯. ગં. સ્વરૂપ શાન્તાબા પી. મોદી - અમદાવાદ
અ.સૌ. શારદાબેન બી. મોદીની સ્વાસ્થ પ્રાપ્તિ તથા ભગવાનના આશીર્વાદના શુભ સંકલ્પ તેમજ ત્રિપદા પરિવાર
તા. ૧૧. પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ (ભગત) - વડુ
પટેલ કોકિલાબેન વિષ્ણુભાઈ, પટેલ કનુભાઈ અંબાલાલ
તા. ૧૬. પટેલ ભક્તિભાઈ પુંજાભાઈ - (દેઉસણા) હા.રાણીપ
મહેન્દ્રભાઈ, રાજેશભાઈ તથા જીગ્નેશભાઈ
તા.૧૮. શ્રી સ્વામિ. મંદિર કર્મશક્તિ મહિલા મંડળ - નવા નરોડા
તા.૨૦. કલ્યાણ રામજી જેઠાણી - બળદિયા હા. લંડન
તા.૨૪. શકુન્તલાબેન જગદીશભાઈ વાઘેલા - લંડન
જગદીશભાઈ ભીમજીભાઈ વાઘેલા, રીના અને ગીતા જે. વાઘેલા
તા.૨૫. મહેન્દ્રભાઈ જયંતિલાલ ભાવસાર - વિસનગર
ધવલભાઈ એમ. ભાવસાર, સંદિપભાઈ એમ. ભાવસાર

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

◆ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સાચા અર્થમાં સમજવા માટે મ્યુઝિયમ જોવું દરેક સત્સંગીએ ખાસ જરૂરી છે. ભગવાન શું નથી કરી શકતા ? આ મ્યુઝિયમની રચના કરી પ.પૂ.મોટા મહારાજશ્રીએ સર્વે ઉપર કૃપાનો ધોધ વરસાવ્યો છે. નભૂતો ન ભવિષ્યતિ - ઉક્તિ યથાર્થ કરી છે. આની જાળવણી એ આપણો પવિત્ર ધર્મ છે. તેના માટે ઉદાર હૃદયથી ફાળો આપતા રહો તેવી દરેક સત્સંગીને વિનંતી, આભાર !

કિરીટ સી. પટેલ, અમદાવાદ તા. ૪-૧૨-૨૦૧૧

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરવાથી મનની શાંતિ અને સાક્ષાત ભગવાનના દર્શન કર્યા તેવો ભાવ થયો. અને પ્રસાદીની આટલી બધી વસ્તુ દુનિયામાં કોઈ પણ જગ્યાએ કે મંદિરે પણ ન મળે, આનું જે દર્શન કરે તો તેના બધા જ પાપો બળી જાય છે. અને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

સહી ઉવાચ્ય તા. ૧૭-૧૨-૨૦૧૧

◆ આજ સ્વામિનારાયણ મ્યઝિયમનાં દર્શન કરી ધન્ય થઈ ગયા. ભગવાન શ્રી સ્વામિનારાયણા સાક્ષાત્ દર્શન આપતા હોય તેવી અનુભૂતિ થઈ. લાખો લાખો વંદન શ્રી મોટા મહારાજશ્રી કે જેઓએ પ્રવૃત્તિ માટે નિવૃત્તિ સ્વિકારી અને શ્રી સ્વામિનારાયણ દિવ્ય મ્યુઝિયમ અમારા જેવી પેઢીઓ માટે ભેટ ધર્યું. સંપ્રદાય ખૂબ જ આભારી છે અને રહેશે. ભીખુભાઈ ઠક્કર- ક્લિવલેન્ડ - ઓહાયો

◆ ન ભૂતો ન ભવિષ્યતિ એ સૂત્રને સાર્થક કરતા વાક્યનું આજે નજરો નજર દર્શન કર્યું છે. બહુ મોડું થઈ ગયું દર્શન કરવામાં પણ જાગ્યા ત્યારથી સવાર, હવેથી નિયમ કરૂ છું શક્ય તેટલી વાર મ્યુઝિયમના દર્શનનો લાભ લઈશ. પહેલા હંમેશા એવું વિચારતી હતી કે મારો જન્મ વિદેશમાં થયો હોત તો સારૂ. પછી આ બધુ જોયા જાણ્યા પછી મારી જાતને બહુ જ ભાગ્યશાળી માનું છું. કેમ કે અખંડ ભરતવર્ષના રાજાધિરાજ શ્રી નરનારાયણ દેવ જ્યાં બિરાજે છે એ કાલુપુર મારી જન્મભૂમિ છે. અને નારણપુરા વિસ્તાર જ્યાં મહારાજની અદ્‌ભુત પ્રસાદીની વસ્તુઓ નું મ્યુઝિયમ છે ત્યાં મારૂ સાસરૂ છે. હું કોઈપણ રીતે મહારાજથી દૂર નથી એ વાતનો મને હંમેશા ગર્વ રહેશે. મ્યુઝિયમ વિશે લખવા જતા તો મારા સો જન્મો પણ ઓછા પડે તેમ છે. મોટા મહારાજશ્રી અને આચાર્ય મહારાજશ્રીનો ખૂબ જ આભાર કે જેમણે અણમોલ ભેટ અમને સૌને દર્શન માટે આપી છે. કદાચ મ્યુઝિયમના દર્શન ના કર્યા હોત તો મારો મનુષ્ય જન્મ નિષ્ફળ જાત. જય શ્રી  સ્વામિનારાયણ - વૈશાલી સોની, નારણપુરા, અમદાવાદ

◆ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આજે આ ભવ્ય મ્યુઝિયમનાં દર્શન કરવાનો લ્હાવો મળ્યો. અને અનેરો આનંદ અનુભવ્યો. દિવ્યાતિદિવ્ય મહારાજની પ્રસાદીની અનુભૂતિ થઈ છે. અને જેમાં આપણાં દિવ્ય શાસ્ત્રોના દર્શનનો લાભ મળ્યો. કોઈ દિવસ કલ્પના પણ નહોતી કરી કે આટલાં પરમ શાસ્ત્રો જે ઓરિજીનલ લખાણવાળાં આપણાં સંપ્રદાયના છઠ્ઠી પેઢીના આચાર્ય મહારાજશ્રીએ ઘણીજ મહેનત બાદ આ સ્વપ્ન સાકાર કર્યું છે.કોટી કોટી ધન્યવાદ અને જે દર્શન કરશે તેનું જીવન સુધરી જાશે એવી આશા.- સહી અવાચ્ય

◆ અમે મ્યુઝિમ જોવા માટે ગયા અમોને મજા આવી ગઈ It is something New and It is unique and we have learnt more about satsang and it took six hours to see all evening Rupee we all spend it is worth.

- Dhanjibhai Hirani - London

◆ Our Group and Family members were thrilled to have darshan of all of the prasadi items. The hospitality and cleanliness were above our expectations.

The vibration that we received during the darshan and in particular main meditation hall were exceptional and gave us pleasure of being close to our Swaminarayan Bhagvan.

This experience will be memorable throughout our life.

Jay Swaminarayan - un known

◆ It was amazing, somthing worth coming back again. It's a great idea for the younger generation.

Jay Swaminarayan

◆ This is one of the best museum I have ever seen in my whole life, There are lots of such things which will encourage me in my life for  better vision.

## અલૌકિક દોરડા ખેંચ

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

ભગવાન એક છે પણ તેમને બોલાવનારા. જમાડનારા, ચાહનારા લાખો-કરોડો લોકો છે. તો ક્યારેક આવા ચાહનારા ભાવિક ભક્તોમાંય ભગવાનને બોલાવવામાં રીતસર હોડ જામતી હોય છે. અને આ હોડમાં ઈર્ષ્યા-દ્વેષના બદલે ભક્તોની ઉત્કૃષ્ટ ભાવના જ મુખ્ય ભાગ ભજવે છે. અને ઈર્ષ્યા-દ્વેષ હોય તો એને ભક્ત કેમ કહેવાય ? ભક્તો વચ્ચે આવી હોડ જામે ત્યારે એમાંથીય આનંદ પ્રગટ કરે એ ભગવાન.

ભગવાન સ્વામિનારાયણ માનકૂવા ગામે પધાર્યા હતા. ગંગારામ મલ્લ વગેરે હરિભક્તો ભુજથી દર્શન કરવા માનકૂવા આવેલા. સભામાં ગંગારામભાઈએ પ્રાર્થના કરી કે હે મહારાજ ! હવે ભુજ પધારો. બીજી બાજુ માનકૂવાના હરિભક્તો કહે અહીંથી ન જવાય. હજુ ક્યાં તમે બહુ રોકાયા છો ? એ રીતે રોકાવાનો બહુ આગ્રહ કર્યો.

બંને પક્ષે મહારાજને રોકવા માટે ખૂબ આગ્રહ હતો. એટલે શ્રીહરિએ રમૂજ થાય એવો રસ્તો કાઢ્યો. મહારાજે કહ્યું કે એક દોરડું લાવો. દોરડાની એક બાજુ ભુજના પાંચ હરિભક્તો ખેંચો અને દોરડાની બીજી બાજુ માનકૂવાના પાંચ હરિભક્તો ખેંચો. સામસામા ખેંચવાથી જે જીતે તેમને ગામ પધારવાનું.

આ રીતે બંને ગામના હરિભક્તો દોરડું પકડીને ખેંચવા માંડ્યા. પછી શ્રીહરિ જે તરફ માનકૂવાના હરિભક્તો હતા તે બાજુ પડખું ફેરવીને નમ્યા. અને બોલ્યા કે ભુજના સત્સંગી જીત્યા, માનકૂવાવાળા હાર્યા. એટલે અમે ભુજ જઈશું. આ ચુકાદો સાંભળીને હરિભક્તો ખુશ થયા. આ અલૌકિક રીતથી સૌને આનંદ થયો. માનકૂવાના સત્સંગીઓએ રસ્તામાં પ્રભુને જમવા માટે સુખડી આપી, તે સાથે લેવડાવીને કૃપાનિધિ શ્રીહરિ ભુજ પધાર્યા.

## આનંદની હેલી

### સંપ્રદાયનું ગૌરવ

શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન સત્સંગી પ.ભ. દિનેશભાઈ ભગતના પૌત્ર શ્રી વેદાંત અમીષભાઈ ભગત (ઉ. ૧૦ વર્ષ) સી.એન. વિદ્યાલયમાં ૫ માં ધોરણમાં અભ્યાસ કરે છે. તેણે સપ્તક સ્કુલ ઓફ મ્યુઝિક તથા તબલા તાલીમ સંસ્થાના ૩૨૦ જેટલા સાધકોએ સતત દોઢ કલાક સમૂહ તબલા વાદન કર્યું. આ અથાગ પરિશ્રમ રૂપે ગિનિસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝ, રેકોર્ડ હોલ્ડર ઓફ રિપબ્લીક, લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ અને વર્લ્ડ એમેઝિંગ રેકોર્ડઝ, જેવી વિશ્વ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ચિ. વેદાંત ભગતને સર્ટિફિકેટ એનાયત કરી સન્માન કર્યું છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉપરોક્ત સમાચાર જાણી ચિ. વેદાંતની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર વિસ્તારના શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના વિધિવત સંપન્ન થઈ. દર પંદર દિવસે શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં સાંજે ૫ થી ૬ સત્સંગ સભા સભા મંડપમાં થશે. આ સભામાં દરેક દર્શનાર્થી પણ લાભ લઈ શકશે. કાલુપુર, દરિયાપુર, ધીકાંટા, રાયપુર, આસ્ટોડીયા, માણેકચોક, શાહપુર આદિ વિસ્તારોમાં વસતા યુવકોને ખાસ આ સભાનો લાભ લેવા અનુરોધ છે.

સંપર્ક : વિપુલ ઠક્કર : ૯૧૩૭૩૦૯૩૪૯ (કોઠારી જે. કે. સ્વામી)

### કાંકરિયા વિસ્તારના હરિભક્તોનો શ્રી નરનારાયણદેવના પાટોત્સવના ઉપલક્ષમાં ૨૭૩ વચનામૃત સમૂહપાઠ

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરના વડીલ અને યુવા હરિભક્તોએ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ ફાગણ સુદ-૩ ના ઉપલક્ષમાં વચનામૃત (૨૭૩) નું ૨૭૩ હરિભક્તો સમૂહ સંપૂર્ણ વાચન મનન અને નિદિધ્યાસ કરી અને સંપૂર્ણ વચનામૃતની ફલશ્રુતિ શ્રી નરનારાયણદેવના ચરણોમાં અર્પણ કરશે. જેથી શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળ અતિ રાજી થાય.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચો ભક્ત કોને જાણવો ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાલ મિત્રો ! કેવી મજા આવે છે, ખરું ને ? પણ શેની મજા ? કેમ વળી ! ઘનશ્યામ મહારાજના બાળ ચરિત્ર વાંચવાની સાંભળવાની સ્તો ! હા... હા.. એ તો આવે જ છે. હા, તો આજે પણ ઘનશ્યામ મહારાજના કંઈક એવા જ ચરિત્રની વાત વાંચીએ.

હા, યાદ આવ્યું. વાત છે ઘનશ્યામ મહારાજના બિમાર પડી જવાની. ભગવાન કદી બિમાર પડતા જ નથી. પ્રભુને સુખ-દુઃખ, ભૂખ-તરસ, માન-અપમાન, શોક-આનંદ વગેરે જેવું કંઈ જ હોતુ નથી. પરંતુ ભક્તોના ઉપદેશ માટે પ્રભુ ચરિત્ર કહી આપણને જણાવે છે કે જો, તમે પણ કદાચ મારી જેમ બિમાર પડો તો મેં કહ્યું તેમ કરશો તો બિમારી ભાગી જશે, ઉભી નહિ રહે.

એક વખત આપણા ઘનશ્યામ મહારાજને તાવ આવ્યો. પ્રભુ એ દિવસે જમતા નથી, બીજે દિવસે પ્રભુને રમતા ન દીઠાં એટલે તેમના મિત્રો વેણી-માધવ વગેરેને થયું ઘનશ્યામ બે દિવસથી દેખાતા નથી. ચાલો ખબર તો કાઢીએ. બે દિવસના તાવમાં મહારાજના શરીરે દાણા-દાણા ઉપશી આવ્યા હતા. એવા સમયે ભક્તિમાતાનાં ભાભી ચંદાબા તેમના ઘરે આવેલાં અને તેમણે ઘનશ્યામને નિરખી તરત જ ભક્તિમાતાને કહ્યું કે ઘનશ્યામજીને તો બળીયા નિકળ્યા છે. વેણીરામની સાથે તેમનાં બા લક્ષ્મીબા પણ આવેલાં ખબર કાઢવાં માટે, તેમણે પણ એમ જ કહ્યું કે બળીયા દેવ પધાર્યા છે. ઘનશ્યામજીને ૨૦-૨૫ દિવસ કંઈ સ્નાન ન કરાવતા. જમવા ન આપતા. મારા વેણીને પણ બળીયાદેવ પધારેલા ત્યારે મેં તેમજ કરેલું. ૨૦-૨૫ દિવસ પછી તેને સારું થઈ ગયું. જમવા ન આપો અને સ્નાન પણ ન કરાવો તો જલ્દી મટી જાય.

બાળ ઘનશ્યામજી બધાની વાત ધ્યાનથી સાંભળતા હતા. ભક્તિમાતાને મનમાં ઉદ્વેગ હતો. શું કરું તો મટી જાય ? ઘનશ્યામ સાજા થઈ જાય. લક્ષ્મીમાસીની વાત સાંભળી ઘનશ્યામે કહ્યું, તમે પણ ખરા કહેવાઓ - આપણે બ્રાહ્મણે નહાવું-ધોવું પવિત્ર રહેવું. ધ્યાન-સંધ્યા કરવી એ બધું કરવાનું હોય અને તમે વેણીરામને એટલા દિવસ સ્નાન વગર રાખ્યા. આ બધી વહેમ અને અંધશ્રધ્ધાની વાત છે. મારે તો નાહ્યા વગર ન ચાલે અને પ્રભુએ ભક્તિમાતાને કહ્યું, માતાજી મને હમણાં જ સ્નાન કરાવો. અમે જલ્દી સાજા થઈ જઈએ અને મિત્રો સાથે રમવા જઈએ. પ્રભુના વચનમાં માતાજીને વિશ્વાસ હતો. એટલે તરત જ તેમના જન્મ સ્થાને જે કૂવો હતો ત્યાં લઈ ગયાં અને શીતળ-ઠંડા જળથી સ્નાન કરાવ્યું. આ તો ઘનશ્યામ મહારાજ ! ત્રણ ચાર ડોલ થી ન ચાલે. ઘણી બધી ડોલ ભરાવીને નાહ્યા. જેમ જેમ ડોલ રેડાતી જાય તેમ તેમ શરીરે શીતળતા આવતી ગઈ. અને બળીયાના દાણા તદ્દન બેસી ગયા. પણ થોડી થોડી નિશાની રહી ગઈ. સાજા થયા ઘરમાં જઈ ધોયેલાં વસ્ત્રો ધારણ કરી ઘનશ્યામ મહારાજે આપણા ઉપદેશ માટે પૂજા-પાઠ કર્યા અને પછી પ્રભુને નૈવેદ્ય ધરાવી પોતે જમ્યા.

જોયું ને બાળ દોસ્તો, આ જગ્યાએ આપણે હોઈએ તો કેટ-કેટલી બાધાં-આખડી, ભૂવા-ભરાડી કર્યા હોય ! પ્રભુએ કોઈ બાધા ન રાખી. વહેમ ન રાખ્યો. પ્રભુએ આચરી બતાવ્યું કે શરીર છે. શરીરનો ધર્મ છે. કોઈ વખત સાજુ-માંદુ થાય તો ગભરાયા વગર ઉપચાર કરવા પણ અંધશ્રધ્ધા કે વહેમ ના રાખવા. ઘનશ્યામ મહારાજના આ ચરિત્ર ઉપરથી આપણને એ શીખવા મળે છે કે માંદા પડીએ ત્યારે ઉપચાર કરવા ભગવાનને પ્રાર્થના કરવી. આપણે પણ એ પ્રભુના ભક્ત છીએ તો પ્રભુએ કહ્યું તેમ કરવું. પ્રભુ કરે એવું ન કરવું. શ્રધ્ધા રાખવી. અંધશ્રધ્ધા ન રાખવી. વહેમ ન રાખવો. સારવાર લેવી. શ્રધ્ધા અને વિશ્વાસ કેવળ પ્રભુમાં અને પ્રભુના વચનોમાં જ રાખીએ તો જ સાચા ભક્ત કહેવાઈએ.

●

## શૂરવીર ભક્ત

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપતે વચ્ચી રે, કેદી દીન વચન નવ ભાખે,
જગનું સુખ દુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતા રે, અંતરમાં શોક ન આણે.

બ્રહ્માનંદ સ્વામીએ આ શબ્દો કોઈ સામાન્ય માનવી માટે નથી ઉચાર્યા. સત્સંગની એ કપરી કસોટીઓનો સમય હતો કે ભલભલા ટેકીલા, શૂરવીર, નિષ્ઠાવાન હરિભક્તો પર અનેકવિધ આપત્તિઓ વધતીને વધતી રહેતી. ''ભગવાનના ચરણે માથું મુકનાર દુઃખથી મુક્ત થાય છે.'' આવી રીતિ પરંપરાથી સંભળાતી આવી છે. પણ કોઈ એમ કહી નથી શક્યું કે ભગવાનના ચરણે માથું મુકનારને ક્યારેય દુઃખની અનુભૂતિ જ નહિ થાય. દુઃખ તો બધાને આવે જ છે.

વઢવાણ રાજ્યના જમાદાર કેસરમીયાંને જ્યારથી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ જ્યારથી સ્વામિનારાયણ ભગવાનના ચરણે મસ્તક મુક્યુ ત્યારથી જાણે એમનો દેહ સ્વામિનારાયણ ભગવાનના ચરણે કૃષ્ણાપર્ણ હોય તેવી જીંદગી જીવતા.

સ્વામિનારાયણ ભગવાનના અંગરક્ષક તરીકે તે રાત્રી દિવસ સેવામાં રહેતા. ઉત્સવ સમૈયામાં ખુલ્લી તલવારે હરિભક્તોની રખેવાળી માટે ફરતા.

આવા નિષ્ઠાવાન, વફાદાર કેસરમીયાં વઢવાણ રાજ્યમાં જમાદાર તરીકેની ફરજ બજાવતા. પરંતુ આ વઢવાણ રાજ્યનો દિવાન ભાણજી મહેતો સ્વામિનારાયણ ભગવાનનો ભારે દ્વેષી હતો. તેને કેસરમીયાં સત્સંગી હોવાથી ખૂબ રીસ ચડતી. વાત વાતમાં કેસરમીયાં આગળ સ્વામિનારાયણ ભગવાનની નિંદા કરતો ત્યારે કેસર મીયાં કહેતા,

''हे गुना करने वालो
कयामत के दिन को मत भूलो ।
अगर चाहीए जह्नत्
तो खुदा की बंदगी करना मत भूलो ॥

એક વખત કચેરીમાં એક બ્રાહ્મણ આવે છે. આ બ્રાહ્મણે દિવાન સાહેબ પાસે દ્વારિકા યાત્રા કરવા માટે ૨૦ રૂપિયાની માગણી કરી. ત્યારે દિવાને કહ્યું જો તું સ્વામિનારાયણને ગાળ દે તો તને મુઠ્ઠી ભરીને રૂપિયા આપું. બ્રાહ્મણ તો અપશબ્દ બોલવા તૈયાર થઈ ગયો.

આ વાત સાંભળી કેસરમીયાંએ હાક મારી ખબરદાર જો મારા ઈષ્ટદેવ વિષે કાંઈ બોલ્યો છે તો !

કેસરમીયાંના અવાજથી કચેરીમાં સન્નાટો છવાઈ ગયો. કેસરમીયાંની હાકથી બ્રાહ્મણ ગભરાઈ ગયો.

ત્યારે ભાણજી મહેતાએ કહ્યું, કેસરમીયાં તમે અમારા નોકર છો તમે અમારી વાતમાં વચ્ચે ન પડશો. ઓલ્યા બ્રાહ્મણને દિવાને ફરી કહ્યું, તું ગાળ દે આ મીયાંથી ડરીશ નહિ. ને ત્યાં ફરી કેસરમીયાંએ હાક મારી તોય બ્રાહ્મણે ગાળ દીધી. કેસરમીયાંએ તરત મ્યાન સોંતી તલવાર માથામાં ઝીકી દીધી. બ્રાહ્મણ બિચારો મુઠ્ઠી રૂપિયાના બદલે મ્યાન સોતી તલવારના ઘાથી તમ્મર ખાઈ બે ભાન થઈને જમીનમાં પડી ગયો. દિવાને હુકમ છોડ્યો આજથી તમે નોકરીમાંથી છુટા. કેસરમીયાંએ કહ્યું, આવી નોકરી કરવી પણ નથી. કેસરમીયાએ રાજ્યનું મકાન ખાલી કરી રાણીની રજા લેવા ગયા. કેસરમીયાં નોકરી છોડી વઢવાણ રાજ્યમાંથી જતા રહે છે તેવી વાત મળતાં રાણી સાહેબાએ કહ્યું, કેસરમીયાં અમારા ત્રણ પેઢી જૂના માણસ છે એમને છૂટા ન કરાય. બધી બાબત જાણતા બધો વાંક દિવાનનો હતો તેથી રાણી સાહેબાએ કહ્યું હું દિવાનને જરૂર કાઢી મૂકીશ. દિવાન સાહેબ માટે હુકમ છોડાયો તેમને રાજ્યમાંથી પદભ્રષ્ટ કર્યા. કેસરમીયાંને બઢતી આપવામાં આવી.

ઈષ્ટદેવનું જ્યાં અપમાન થતું હોય ત્યાં પોતાની આજીવિકાને પણ છોડી દેવા તૈયાર એવા કેસરમીયાંને કોટી કોટી વંદન.

તેમણે આ એક ટેક, નિષ્ઠા અને વફાદારીનું જીવંત ઉદાહરણ પુરુ પાડ્યું છે. સ્વામિનારાયણ ભગવાન તેમની આ ખુમારીથી ખૂબ રાજી થયા હતા.

વહાલા સત્સંગી બધુંઓ ! પંચાળાના પાંચમાં વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહ્યું છે કે ''જે સત્સંગનો દ્રોહી હોય, પરમેશ્વરનું અને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ.''

જો તમે પણ આવી શુરવીરતા રાખશો તો ભગવાન તમારી ઉપર પણ રાજી થશે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

તમે બધા અત્યારે ભક્તિ કરો છો તો આનંદ આવે છે ને ? તો 'આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. 'સત્', 'ચિત', 'આનંદ' એ પરમાત્માનું સ્વરૂપ છે. તેમાં 'સત્' પ્રગટરૂપે છે. 'સર્વત્ર' છે. ચિત અને આનંદ એ બંને અપ્રગટ છે. જડ વસ્તુમાં 'સત્' છે. પણ ચિત્ત અને આનંદ નથી. જીવમાં 'સત્', 'ચિત્ત' પ્રગટ છે. પરંતુ આનંદ અપ્રગટરૂપે છે. પરમાત્મામાં 'આનંદ' પ્રગટરૂપે છે. કેમ કે સ્વયં પરમાત્મા આનંદરૂપ છે. માટે તમે પરમાત્મામા એકરૂપ બનશો તો જરૂર આનંદ મળશે. જીવ એ પરમાત્માનો અંશ હોવાથી તેમાં 'આનંદ' રહેલો છે. પરંતુ ગુપ્તપણે રહેલો છે. તેનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી. દૂધમાં જેમ 'માખણ' અપ્રગટરૂપે રહેલું છે તેને મંથન કરીને મેળવવું પડે છે. તેમ જીવમાં પણ 'આનંદ' રહેલો છે. તેને આપણે મનોમંથન દ્વારા મેળવવાનો છે. આનંદ પણ બે પ્રકારના છે. (૧) સાધનજન્ય આનંદ (૨) સ્વયં સિધ્ધ આનંદ. આપણે કોઈ પણ વ્યક્તિને પૂછીએ કે તમારે આનંદ પામવો છે ? તો કોઈપણ વ્યક્તિનો જવાબ ના નહી જ હોય, કેમ કે વિશ્વનો દરેક માણસ આનંદનો પ્રેમી છે. સૌને સુખી થવું છે. અને એ માટે માણસ સત્તા, સંપત્તિ, સુવિધા, શક્તિ કે સૌંદર્ય જેવા સાધન દ્વારા સુખ પ્રાપ્ત કરવા પ્રયત્નો કરે છે. પરંતુ તે સાધનજન્ય આનંદ છે. સાધનજન્ય આનંદ સંસારના સાધનોમાંથી પ્રાપ્ત થાય છે. સંસારના સાધન વિનાશી છે. માટે તેમાંથી અવિનાશી આનંદ પ્રાપ્ત થતો નથી. તેને આનંદ ન કહેવાય પણ 'સુખ' કહેવાય અને તેને ક્ષણિક સુખ કહેવાય. કેમ કે, સાધનનો વિનાશ તથા સુખનો વિનાશ થાય છે. જ્યાં સુધી જીવને 'સુખ' ભોગવવાની ઈચ્છા હોય ત્યાં સુધી કદી આનંદ મળતો જ નથી. 'સુખ' ભોગવવાની ઈચ્છા રાખનારે 'દુઃખ' ભોગવવું જ પડે છે. આનંદનો કોઈ વિરોધી શબ્દ નથી. 'આનંદ' એ શરીર કે વસ્તુઓ સાથે સંબંધ રાખનારી વસ્તુ નથી. મન વિષયોમાંથી હટી જાય એટલે 'આનંદ' મળે છે. બીજો આનંદ છે. 'સ્વયં સિધ્ધ આનંદ' જે લોકો યોગીઓ અને તપસ્વીઓ હોય છે તે પોતાની સાધના દ્વારા પોતાના પુરુષાર્થથી આનંદ મેળવે છે. માટે તેઓ સદા આનંદમાં જ હોય છે. તે લોકો વ્રત, જપ, તપ અને ભક્તિથી પરમાત્માને ઓળખી લે છે. અને પરમાત્માના અવિનાશી આનંદને પ્રાપ્ત કરે છે. પરમાત્માનો અવિનાશી આનંદ મેળવવો હોય તો મનને વિકાર રહિત અને શાંત બનાવવું પડશે. તો મન શાંત ક્યારે થાય ? તો દિવો ત્યાં સુધી પ્રગટેલો રહે છે જ્યાં સુધી દિવામાં તેલ હોય, તેલ ખલાસ થતા દિવો શાંત થઈ જાય છે. તેમ મન પણ અશાંત ત્યાં સુધી રહેશે જ્યાં સુધી મનમાં સંસાર છે. મનમાંથી સંસાર નીકળી જશે તો મન આપોઆપ શાંત થઈ જશે. સંસાર છોડવાનો નથી મનમાંથી વિકાર-વાસનાને દૂર કરવાના છે. આપણને ઉંઘ ક્યારે આવે છે ? આપણું મન શાંત થાય ત્યારે જ ઉંઘ આવે છે. જ્યાં સુધી મનમાં જગતના વિચારો ચાલતા હશે ત્યાં સુધી ઉંઘવાનો પ્રયત્ન કરશો તો પણ ઉંઘ નહિ આવે અને માણસને એક દિવસ ઉંઘ ન આવે તો દુઃખી થઈ જાય છે. માટે મને પવિત્ર રાખી ઈન્દ્રિયોને શુધ્ધ રાખી ધર્મે સહિત ભક્તિ કરવી. કેમ કે, ધર્મ-ભક્તિમાં જ પરમાત્મા રહેલા છે. જેમ વાસણ બગડેલું હોય તો દૂધ બગડી જાય છે. તેમ અશુધ્ધ ઈન્દ્રિયોથી કરેલી ભક્તિ સાર્થક નહિ થાય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે ને તેને ગોઠવવાનો ક્રમ છે. તે એમ જ બોલાય છે. અર્થ, કામ, મોક્ષ, ધર્મ તેમ નથી બોલાતું. કેમ કે, 'ધર્મથી મોક્ષ સુધીની યાત્રા છે.' તે ધર્મથી મોક્ષ સુધીની યાત્રા તમે કરો છો તેમાં 'અર્થ' અને 'કામ' આવી જાય છે. ધર્મની મર્યાદામાં રહીને અર્થ અને કામને પ્રાપ્ત કરીને મોક્ષને પામવાનું હોય છે. ધર્મ વગરનું અર્થ અને કામ માણસના જીવનમાં હશે તો માણસના છ મુખ્ય શત્રુ છે. તે જીતી નહિ શકાય અને માણસના જીવનમાં શાંતિ પણ નહિ હોય. શાંતિ શેમાંથી મળે છે ? તો શાંતિ માત્ર સમૃદ્ધિથી નથી મળતી ! સારી સંપત્તિથી મળે છે. શાંતિ સારા વિચારોથી અને સાત્વિકતાથી મળે છે ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ છ શત્રુને જે જીતી લે છે તે ગૃહસ્થાશ્રમી હોય તો પણ ત્યાગી છે. નાળિયેરમાં પાણી રહેલું છે ત્યાં સુધી કોપરૂ કાચલીને વળગીને રહે છે પણ પાણી સુકાઈ ગયા પછી 'કાચલી' અને કોપરૂ જુદા પડી જાય છે. તેમ જગતના વિષયરૂપી રસ ભરેલા છે. અર્થાત્ સંસારના રસ જ્યાં સુધી મીઠા-મધુરા લાગે છે ત્યાં સુધી કોઈ પણ જીવ સંસારરૂપી કાચલીથી જુદો પડતો નથી. સંસાર એ 'કાચલી' છે. જીવ એ 'કોપરૂ' છે. જ્યારે તપ અને ભક્તિથી સંસારનો રસ સૂકાવા લાગે છે ત્યારે જીવને સંસાર ઉપર વૈરાગ્ય આવે છે. અને ત્યારે જીવ સંસારરૂપી કાચલીથી જુદો પડી જાય છે. અને શરીરથી આત્મા અલગ છે તેવો અનુભવ થાય છે. માટે ઈન્દ્રિયોને જગતસંબંધી પંચવિષય છોડાવી પરમાત્મા સંબંધી પંચવિષયમાં જોડી મનને પવિત્ર રાખી ધર્મે સહિત ભક્તિ

કરશો તો જ તમારી કરેલી ભક્તિ સાર્થક થશે. સંસાર મનમાંથી નીકળી જાય ત્યારે જ મન પવિત્ર થાય છે. અને મન પવિત્ર થયા પછી જ પરમાત્મા જોડે સ્પર્શ થાય છે. અને તમે પરમાત્મામાં ઓત-પ્રોત બનશો ત્યારે જ પરમાત્માનો દિવ્ય અને અવિનાશી આનંદ પ્રાપ્ત થશે.

●

## આહાર શુધ્ધિ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

અનાદિ કાળથી ભોજન અને ભજનની ક્રિયા ખૂબજ ગોપનીય રાખવાની શાસ્ત્રમાં આજ્ઞા છે. જો ઘરમાં પણ ભોજનની ગોપનીયતા જાળવવી જરૂરી બનતી હોય તો પછી બજારમાં તથા જાહેર સ્થાનોમાં તો ખવાય જ કેમ ? ઉપનિષદમાં લખ્યું છે કે આહારશુદ્ધૌ સત્વશુદ્ધિઃ આહાર શુધ્ધ હોય તોજ અંતઃકરણ શુધ્ધ રહે છે. આહાર વિહાર પવિત્ર થાય તો જ અંતઃકરણની મલિનતા જાય. આહાર બગાડશો તો અંતઃકરણ બગડશે. અંતઃકરણ બગડશે તો વિચાર બગડશે. વિચાર બગડશે તો જન્મ બગડી જશે. જો ફેરો સુધારવો હોય તો જેમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ આહાર શુધ્ધ કરવો. અંતઃકરણ શુધ્ધ થાય તો જ સારી સ્થિર સ્મૃતિ મળે છે. ધ્યાનની સિધ્ધિ થાય છે. અન્ન અને મનને બહુ જ સંબંધ છે. ''ઉત્તમકુળ, ઉત્તમ સંગ મળે પણ મનની મલિનતા જાય નહી તો ચોરાશી લાખ ખાણમાં ભટકવું પડે.''

ભૌગોલિક રીતે જુદી જુદી ધરતી પર વાવેલા અનાજના ગુણ જુદાં જુદાં હોય છે. એજ રીતે અન્ન રાંધનારના વૈચારિક પરમાણું ઓ પણ જુદાં જુદાં હોય અને તે અનાજમાં ભળે છે. રાંધનાર ભક્ત હોય, સદ્‌ગુણી હોય તો તે અન્ન જમનારામાં સત્વગુણ વૃદ્ધિ પામે છે. 'રાંધનાર રજોગુણી, વિલાસી, દુર્ગુણી હોય તો એની અસર અનાજ દ્વારા જમનારમાં પ્રવેશે છે, જેમ ધરતીના અને હવા-પાણીના ગુણ અનાજમાં આવે છે. એજ પ્રમાણે અસ્વચ્છ અને અપવિત્ર લોકો દ્વારા રાંધવામાં આવતા અનાજમાં સૂક્ષ્મ રીતે દુષણો પ્રવેશ કરે છે. એટલે ધંધાદારી સ્થાનોમાં રાંધેલા અન્નની રાજસી તામસી પણાની ચોક્કસ અસર માનવીના મન ઉપર પડે છે. સાપ, વીંછી, કે સિંહને કોઈ દિવસ પકડવાનું મન થાય છે ? નથી થતું. ઈલેકટ્રીકના ખુલ્લાં વાયરને પકડવાનું મન થાય છે ? નથી થતું. શા માટે મન નથી થતું ? એમાં મોત દેખાય છે. તેમ લૌકિક સ્વાદમાં જેનું મન ફસાય તે બરાબર ભક્તિ કરી શકે નહિ. આપણું ભોજન સ્થળ રસોડું એમાં મા, બેન દીકરીઓ રાંધે કે રસોડામાં આવજા કરે તો વાંધો નહિ. પરંતુ રસોડામાં નોકર-ચાકર, વ્યસનીઓ કે અન્ય અપવિત્ર દષ્ટિવાળાઓ પ્રવેશ કરે તો રસોડું દુષિત થાય છે. અન્ન છે એ બ્રહ્મ છે. પ્રાચીન શૈલી તો એવી હતી કે ભોજન ઘરમાં (રસોડામાં) કુટુંબના અને સગા સંબંધીઓ સિવાય કોઈ કદાપિ પગ મૂકતા નહિ. રાંધવાનું સ્થળ જેટલું પવિત્ર રહે તેટલાં વિચારો સારા રહે. પરંતુ રસોડામાં રામાને નોકરો ને મજૂરોને વ્યસનીઓ ને કુદષ્ટિ વાળા ફરવા માંડે તો એમના દુષિત માનસિક પરમાણુંઓ આપણા ભોજનમાં પ્રવેશી જાય છે. પરિણામે એવી દષ્ટિથી દુષિત થયેલું ભોજન બરાબર પચતું નથી. એમાંથી સાત્વિક રક્તકણો બનતા નથી. તો પછી બજારમાં તથા જાહેર સ્થાનોમાં તો ખવાય જ કેમ ? આપણા ઘરમાં આપણે અન્ન એ જ બ્રહ્મ છે. એમ હરિના સ્મરણ સાથે જમીએ તો સત્વગુણની વૃધ્ધિ થાય છે. રાંધેલુ વેચવા વાળાની તો એક જ નીતિ હોય કે ''ગ્રાહક એજ ધન છે.'' એમ માની કેવળ ચટકાદાર, મસાલેદાર રસોઈ બનાવવામાં આવે છે. એમાં ભલે સ્વાદ હશે પણ ગુણ હોતા નથી. એમાં દેખાવ હોય પણ પ્રેમ હોતો નથી. બજારમાં ડીશો ચળકતી હોય પણ અસ્વચ્છ ને ગંદી હોય છે. મેલા, ગંદા હાથ, ગાળ્યા વિનાનું પાણી, વાસી અને એંઠા ખોરકાના મિશ્રણ, રોગિષ્ટ ગ્રાહકોએ વાપરેલા અને સાફ કર્યા વગરના વાસણો, શાકાહાર અને માંસાહારના સંયુક્ત તાવેથા, કડછા વિગેરે આવું અશુધ્ધ અને અપવિત્ર ભોજન જમનારની બુદ્ધિ ક્યાંથી સાત્વિક હોય ? હરિ સ્મરણ સાથે પ્રેમથી, રાંધેલો આહાર, ઈષ્ટદેવને ધરાવેલું અનાજ, સ્વચ્છતા અને પવિત્રતાથી, રાંધેલા અનાજથી સત્વગુણની વૃધ્ધિ થાય છે. કડવા, ખાટા અતિ ગરમ, તીખા આહારો રાજસી લોકોને પ્રિય હોય છે. તેનાથી રજોગુણની વૃધ્ધિ થાય છે. એક પ્રહર સુધી પડી રહેલું, ઉતરી ગયેલું દુર્ગંધ યુક્ત વાસી એંઠું, અને અપવિત્ર ભોજન તામસી લોકોને પ્રિય હોય છે. તેનાથી તમો ગુણની વૃધ્ધિ થાય છે. સત્વગુણથી ઉર્ધ્વગતિ થાય છે. રજોગુણથી મનુષ્ય લોકમાં જ રહે છે. અને તમો ગુણથી અધોગતિ થાય છે. સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮ માં વચનામૃતમાં સત્વગુણની વૃધ્ધિ કરવા માટે વિસ્તારથી વાત કરી છે. જે ''પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુધ્ધ હશે તો અંતઃકરણ શુધ્ધ થશે. અને જો પાંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક પણ આહાર મલિન થશે તો અંતઃકરણ મલિન થઈ જાય છે. માટે પવિત્ર આહાર કરવો. ભોજન જમતાં જમતાં, કોળિયે, કોળિયે મનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરશું તો ગમે તેવું કટાયેલું હૃદય હશે, કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષથી ભરેલું હૃદય હશે તો જપ કરવાથી પવિત્ર હૃદય થશે. અને તેવા હૃદયમાં સાક્ષાત્ ભગવાન નિવાસ કરીને રહેશે. રાત-દિવસ વિચારોમાં પણ પરિવર્તન થશે. સાત્વિક વિચારો થશે ને ભક્તિ પરાયણ જીવન થશે. ભગવાને સામેથી આપણી ગરજ કરીને સૂચન કર્યું છે કે, ''પંચ ઈન્દ્રિયોના આહાર છે

તેને ભલા થઈને અતિશય શુધ્ધપણે કરીને રાખજો. એ વચન અમારૂં જરૂર જરૂર માનજો. અને આ વાતને સત્સંગમાં પ્રવર્તાવજો તેમાં અમારો ઘણો રાજીપો છે.''

તેમજ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે રસના ઈન્દ્રિયને જીતવી. જીભને શ્રીહરિનો પ્રસાદ તેમજ શ્રીહરિની સ્મૃતિ સહિત જે મળે તે જમવા આપવું. પોતાને ઘેર જે રસોઈ બને તે પ્રથમ શ્રીહરિની મૂર્તિ આગળ ધરી તે શ્રીહરિને જમાડવી. પછી જે થાળ ધરેલો હોય તેની પ્રસાદી મળે તેજ જમવું. પણ શ્રીહરિના આશ્રિતોએ બજારની મીઠાઈ, લોજનું જમણ વગેરે ન ખાવું. કારણ કે તેમાં વર્ણાશ્રમનો ધર્મ જરાપણ સચવાતો નથી. વાસણ માંજ્યા વિનાના હોય, પાણી દૂધ ગાળ્યા વિનાનાં હોય, ઘી તેલ પણ ગાળ્યા વગરના હોય, લોટ પણ ઘણા દિવસનો સડેલો જતું આદિવાળો હોય, ગમે તેણે બનાવ્યું હોય, આવો અપવિત્ર આહાર હોય માટે લોજનું અન્ન ખાવું નહી. કુલ્ફી, સોડા, ફેન્ટા, વિગેરે પીણા પીવા નહિ. કેમ કે બરાબર પવિત્ર ન હોય, વળી ડુંગળી, લસણ, આદિ પણ શ્રીહરિના આશ્રિતોએ ખાવું નહિ. કારણ કે તે તામસીને દુર્ગંધ વાળો ખોરાક છે. ''અન્ન તેવો ઓડકાર'' માટે તામસી આહાર ખાવો નહિ.

આપણે આપણી ઈન્દ્રિયો અને અંતઃકરણને નિયમમાં રાખી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તાવશું તો જરૂર શ્રીહરિ પોતાના ધામનું અખંડ સુખ આપશે. પણ જો ઈન્દ્રિયો અંતઃકરણને બરાબર શ્રીહરિની આજ્ઞા પ્રમાણે નહિ રાખીએ તો અંતઃકાળે શ્રીહરિનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થશે નહિ. કહેતા આત્યાંતિક શ્રેય નહિ થાય. માટે આહાર શુધ્ધ રાખવો. ને પંચ ઈન્દ્રિયોમાં રસના (જીભ) ઈન્દ્રિયને વિશેષ જીતવી. ઈન્દ્રિયોના મલિન આહારોને કારણે આપણી બુદ્ધિ ઉપર માઠી અસર થાય છે. આહારની ભ્રષ્ટતાને કારણે દિન - પ્રતિદિન ભગવાનથી આ જીવને કરોડો ગાઉંનું છેટું થતું જાય છે. માટે સર્વે ઈન્દ્રિયો કેમ ભગવાનના સંબંધમાં જોડાયેલી રહે તેવું તાન રાખવું. નહિતર આહારોની મલિનતાને કારણે હૃદયમાં પણ વિચારોની મલિનતા થઈ જાય છે. સજ્જન લોકો ચોખ્ખાઈ ને તો માનતા હોય છે. પણ ધર્મ સહિત મર્યાદાને ભેળી રાખીને ચોખ્ખાઈને માનતા હોય તો જીવનનું કાર્ય ઘણું સુગમ થઈ જાય. માટે આહાર શુધ્ધ રાખવો.

●

## ''માતા''અમારા જેવા અમે એક જ છીએ''
## ''ન ભૂતો ન ભવિષ્યંતિ''

- પટેલ જાનકી રમેશભાઈ (નારાયણપુરાવાળા)

શ્રીહરિ માલેગાંવથી નીકળી ફરતા ફરતા ધરમપુર થઈ સુરત શહેરમાં તાપી નદીના અશ્વિનીકુમારને આરે પધારે છે. નદીમાં પુરનું પાણી છલોછલ ભરાઈ ગયું છે. ધસમસતા પૂરનું પાણી ક્યારે ઉતરે તેની રાહ જોયા સિવાય શ્રીહરિ નદીના પાણી ઉપર જમીન ઉપર ચાલે તેવી રીતે ચાલે છે અને નદી પાર કરી જાય છે. લોકો આવો ચમત્કાર જોઈ અચંબામાં પડી જાય છે. નર્મદા પાર કરી ચાણોદ કરનારી થઈ ડભોઈ, વડોદરા, બામણગામ અને આણંદ થઈ ડાકોર પધારે છે. શ્રી રણછોડરાયના દર્શન કરી ઉમરેઠ, ભાલેજ, વડતાલ, બોચાસણ, જેતલપુર, અસલી થઈ અમદાવાદ આવી પહોંચે છે. કાંકરિયા સરોવરના ગરનાળે બેસીને લોકોને દર્શન અને ઉપદેશ આપે છે. પછી ત્યાંથી સાબરમતીને કિનારે નારાયણઘાટે આવી થોડા દિવસ રોકાઈને સાબરમતી નદી પાર કરી ફરતા ફરતા બુધેજ ગામ પધારે છે.

બુધેજમાં ખોડાભાઈ નામના દરબાર જુવારનું સદાવ્રત ચલાવે છે. નીલકંઠવર્ણી સદાવ્રતમાંથી ભિક્ષા લેવા પધારે છે. તે સમયે ખોડાભાઈ બહારગામ હોય છે. તેમના માતુશ્રી દરેક આગંતુકને એક કાચલી ભરી જુવાર આપે છે.નિયમ મુજબ શ્રીહરિને પણ ખોડાભાઈના માતુશ્રી જુવાર આપવા લાગ્યા. શ્રીહરિએ માતાને વિનંતી કરી કે, જુવારને અમે શું કરીએ, જો લોટ જેવું કંઈ હોય તો આપો કે જેથી અમને ઉપયોગમાં આવે. માતાએ કહ્યું કે, અમે કોઈને લોટ આપતા નથી. આ એક જ માપથી જુવાર આપીએ છીએ. મોટા મોટા ખાખીબાવાઓ આવે છે અને જુવાર લઈને ચાલ્યા જાય છે. તો તમને જુવાર લેવામાં શું વાંધો છે ?

આવું વચન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા. માતા મોટા સાધુ બાવા સંન્યાસીઓ યોગીઓ સર્વે આવ્યા હશે પણ અમારા જેવા હજુ કોઈ આવ્યા નહિ હોય અને અમારા જેવા તો અમે એક જ છીએ. અને ભવિષ્યમાં પણ અમારા જેવો કોઈ (સમર્થ) થશે નહિ. અને અમારા જેવા કોઈ આવશે પણ નહિ. ખોડાભાઈના માતાનો પુણ્યોદય સમય હજુ પાક્યો ન હતો. તેથી વર્ણીના વચનોનો મર્મ સમજી શક્યા નહિ. કૃપાળુ શ્રીહરિ માતાના કલ્યાણની ભાવના હૃદયમાં રાખી જુવાર ગ્રહણ કરી ચાલવા લાગ્યા. જુવારના બે દાણા મુખમાં નાખી બાકીની જુવાર પક્ષીઓને નાંખી આગળ ચાલે છે.

પાણી પીવા માટે શ્રીહરિ કૂવે પધારે છે. કોશીઓ કૂવામાં કોશ ચલાવે છે. અને કોશ બહાર આવે એટલે રામ આવ્યા તે પ્રમાણે બોલે છે. શ્રીહરિ કહે છે. રામ તો આવ્યા છે પણ કોઈ ઓળખે તો ને ? જગતના જીવો બિચારા ક્યાંથી શ્રીહરિને ઓળખે ? ચર્મવારી પીવાય નહિ તેથી શ્રીહરિ કમંડલ હાથમાં લઈ કૂવામાંથી પાણી લેવા પ્રયત્ન કરે છે. કૂવાનું પાણી ઘણું જ ઊંડું હતું. વરૂણદેવે અવતારી પુરુષોત્તમની સેવાનો મોકો ઝડપી લીધો. તુર્ત જ કૂવો પાણીથી છલોછલ ભરી દીધો. શ્રીહરિએ કમંડલમાં પાણી ભરી લીધું. જલપાન કરી આગળ ચાલે છે. આ ચમત્કારની લોકોમાં જાણ થતાં લોકોના ટોળે ટોળા કૂવા ઉપર ઉમટવા લાગ્યાં. પરંતુ શ્રીહરિ તો આગળ ચાલી નિકળ્યા હતા તેથી લોકોને વર્ણીના દર્શન થયાં નહિ.

ખોડાભાઈ ઘેર આવ્યા. કૂવો પાણીથી ભરાઈ ગયો છે તેવા સમાચાર મળ્યા. વર્ણી સદાવ્રત માટે પધાર્યા હતા પણ ખોડાભાઈ તેનો લાભ લઈ શક્યા નહિ. તેથી માતાને પોતાની નારાજગી બતાવીને શ્રીહરિને શોધવા ઘોડો લઈને નીકળી પડ્યા. ગામની ચારે બાજુએ તપાસ કરવા છતાં શ્રીહરિનો ભેટો થયો નહિ. ઘેર પાછા ફરતા ગાયો ચારતા ગોપબાળકોને કોઈ બાળયોગી નીકળ્યા હતા તેવા સમાચાર પૂછ્યાં. ગોપબાળકોએ કહ્યું કે હા, એક બાળયોગી આકાશમાર્ગે ઉતડા ઉડતા જતા અમે જોયા હતા. પરંતુ કઈ બાજુ ગયા તે અમને ખબર નથી. આવા અલૌકિક સમાચાર સાંભળતા જ ખોડાભાઈને બહુ જ દુઃખ થયું. ભગવાન જેવા ભગવાન મારે ઘેર પધાર્યા અને હું કમનસીબ તેનો લાભ લઈ શક્યો નહિ. તેવો વલોપાત કરતા ખોડાભાઈ મૂર્છાવશ થઈ જમીન ઉપર ઢળી પડ્યાં. શ્રીહરિના વિયોગનું દુઃખ ભક્તને કેટલું થાય છે તેનું આ સુંદર દ્રષ્ટાંત છે.

●

## નીલકંઠવર્ણી વેષે જેતલપુરમાં

- પટેલ નિશા વિષ્ણુભાઈ (ગુલાબપુરા)

જેતલપુરમાં એ જ્ઞાનવાવ પર બાળાજોગી બેઠા છે. રૂપરૂપના અંબાર જેવું મોહક રૂપ, પાતળી દેહ દૃષ્ટિ, મનમોહક જ્ઞાન-સ્નેહ વરસાવતી આંખો દર્શન કરવાને આગળ જવા દે તેવી ન હતી. તપથી સૂકાએલા દેહમાંથી તપોબળના તેજની આભા વિસ્તરતી હતી. માથે કાળી જટાએ બાલજોગીના સઘળા વિષયોને કસીને મૃતઃપ્રાય બનાવી દીધા હતા. કમંડલુ, જપમાલા, ભિક્ષાપાત્ર અને કંડિયામાં વ્હાલસોયા મુકુંદ ભગવાન એ એમનો સામાન કહો તો સામાન અને તેમનું હૃદય કહો તો હૃદય હતું.

ગંગાબા તો અતિથિને શોધવા નીકળ્યા છે. અતિથિને જમાડ્યા પછી જ જમવું એવું કઠણ વ્રત એમણે ધારણ કર્યું છે. ત્રણ દિવસ પસાર થઈ ગયા. પણ અતિથિ મળે નહીં તેથી ઉપવાસ કરવા પડ્યા. ત્યાં જ્ઞાનવાવ પર અઢાર વર્ષની ઉંમરના તેજસ્વી નીલકંઠવર્ણીને જોયા ભેગાજ તેમનાં હૃદયમાં હેતના મહાસાગરનો હિલ્લોળ ઉઠ્યો. તેમને ઘરે પધારી ભોજન લેવા આમંત્રણ આપ્યું. પણ આ બાલ બ્રહ્મચારીએ જણાવ્યું કે પોતે ગામમાં જતા નથી.

ગંગામાએ ભગવાનને ઓળખ્યા. એમણે હઠ ચાલુ જ રાખી. પરંતુ નીલકંઠવર્ણી એમ માને શા ના ? છેવટે ગંગામાએ તેમને ખભે ઉપાડ્યા અને ઘરે લાવ્યા. ચમત્કાર તો જુઓ કે જે ત્રિભુવનનો ભાર ઉપાડે છે એણે પોતાના ભક્તનો ભાવ જોઈને ભક્તના ખભે બેઠા.

વર્ણી ઘરે આવીને પણ જમતા નથી ! ગંગામાં ઘણા કાલાવાલા કરે છે પણ માને તો વર્ણી શાના ? છેવટે વર્ણી કાલીબોલીમાં બોલ્યા, ગંગામાં તમે મને દીકરો કહો તો જ ભોજન લઈશ.

ગંગામાં વિમાસણમાં પડ્યા ! આ તો કેમ કહી શકાય ? એ રહ્યા બાળબ્રહ્મચારી અને આપણે રહ્યાં સંસારી ? સંસારરૂપી વૈરાગીને બેટા કેમ કહી શકાય ? રોંવરોંવ નર્કમાં જવાનું થાય. ગંગામાને ધર્મ કરતાં ધાડ જેવું થયું. એમને એમની રીતે જવાબ આપ્યો. સ્વામીજી તમે રહ્યાં બાળ બ્રહ્મચારીને હું રહી સંસારી ! મારાથી તમને બેટા કહેવામાં જીભ ઉપડે કેમ ? મહારાજ ! મને માફ કરો ને હવે ભોજનનો સ્વીકાર કરો.

જવાબ સાંભળતાં જ વર્ણીએ થાળી આધી ખસેડતા કહ્યું : શું માતાનો પુત્ર મોટા થયો એટલે પુત્ર મટી જાય છે ? શું માના હૃદયમાંથી વાત્સલ્યની ઓટ આવી જાય છે ? જો મને બેટા નહિ કહો તો પછી હું અહીંથી ભૂખ્યા પેટે જતો રહીશ. વર્ણીની વાણીમાં પુત્રને સાજે તેવો વિનય અને લહેકો વર્તાતો હતો.

વર્ણીનો જવાબ સાંભળીને ક્ષણેક ગંગામાં જેમના તેમ રહ્યાં. તે અમીટ નજરે નયને વર્ણીને જોઈ રહ્યા ! ત્યાં તેમના હૃદયમાંથી સ્નેહનું પ્રચંડ મોજું ઉછળ્યું ! ને તેમની વાણીના બંધન કપાઈ ગયા ! તેમનું હૃદય દીકરા-દીકરા-દીકરા રટવા લાગ્યું ! સહસા તે બોલી ઊઠ્યા કે બેટા રસોઈ ઠંડી થઈ રહી છે જમીલો.

ગંગામાની સ્નેહ નીતરતી વાણી સાંભળીને જેમ કનૈયો જશોદાના કહેવાથી માની જાય છે તેમ નીલકંઠ વર્ણી હસીને જમવા લાગ્યા. માતા પિરસે પુત્ર જમે તેમા પછી શું કહેવાનું હોય !

ગંગામાને અતિથિ તો રોજ તો મળતા નથી. એટલે તેમને એમ થયું કે મહાન બાળક આંગણે જ આવ્યા છે તો ભલે થોડા દિવસ રહીને જાય. પાણી ભરવા નિકળ્યા ત્યારે સાંકળ મારી દીધી. જેથી કરીને આ બાળજોગી જતા ન રહે.

ગંગામાં પાણી ભરવા જ્ઞાન વાવ પર આવ્યાં ત્યાં તો એજ નીલકંઠ વર્ણી વાવ પર બેઠા છે. એજ કમડલું એજ કૌપિન, એજ મૃગચર્મ, એજ ખાખરાનો દંડ એજ જનોઈ, એજ મુંજની મેખલા, એજ જપમાળા, એજ ભિક્ષાપાત્ર, એજ શાલીગ્રામ, એજ કરડીયો, એજ જટા, એજ સ્નેહ નિતરતી આંખો. અરે ! એજ સુકલડી તેજસ્વી શરીર. એવી જ રીતે ગંગામાં બેડું જ્ઞાનવાવ પર મૂકીને સિધા આવ્યા ઘરે. અહીં ઘરમાં પણ નિલકંઠવર્ણી એજ એમના સરંજામ સાથે જ્ઞાનવાવ પર જોયા હતા તેજ !.

ને ગંગામાનું જ્ઞાનનેત્ર તરત જ ઉઘડી ગયું. સ્થળકાળથી પણ એવા પરમાત્માને જાણીને ગંગામાં ભવસગાર તરી ગયા.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ ''મેરો મન સાંવરને હર લીનો'' - આ કોની કલમે લખાયેલું પદ છે.

પ્ર. : ૨ ''મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી, મારુતિ આપ થયા તનુધારી, જેણે કરી સેવા સ્વામીની પ્રીતે, રહ્યા હરી આગે હાજર શુભ રીતે.'' - આ ચોપાઈ તે કોની રચના છે?

પ્ર. : ૩ સ.ગુ. બ્રહ્મચારી અખંડાનંદજીનો જન્મ ક્યા ગામમાં થયો હતો, તેમનું પૂર્વાશ્રમનું નામ શું હતું?

પ્ર. : ૪ ''સત્સંગી સૌ પ્રથમ વિવેકી, ગૃહી ત્યાગી નરનારી રે, અતિ સુખદાયક વચન અમારા, લેજો ઉરમાં ધારી. પાંડે અવધ પ્રસાદ ભત્રીજા, દત અમારા કીધા રે, તેમ પાંડે રઘુવીર અમારા, દત પુત્ર કરી લીધા રે.'' - કીર્તનના રચયિતાનું નામ જણાવો.

પ્ર. : ૫ ધીંગડા અને બળોલ (ભાલ) ગામને સીમાડે આવેલ મહાદેવજીના મંદિરે પિતાનો વારસો શોભાવતા દેવીદાન આજે એકલાજ પૂજા કરવા આવ્યા છે. શંકરને આજ રીઝવી રહ્યા છે ત્યાં તો બાળકને સાક્ષાત્ પ્રભુ દર્શન થયા ને વરદાન શું આપ્યું?

પ્ર. : ૬ ઝીણાભાઈના માતા-પિતાના નામ જણાવો.

પ્ર. : ૭ શ્રીકૃષ્ણ પ્રભુએ ગાયો ચરાવવાનું કઈ તિથિએ શરૂ કર્યું હતું?

## ડિસેમ્બર-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ચાર પ્રકારના : ૧. શક્તિપંથી, ૨. કુંડાપંથી, ૩. શુષ્ક વેંદાતી, ૪. નાસ્તિક. **(૨)** હડકાયા શ્વાન જેવો. **(૩)** તુલસી, ચાંદી, રુદ્રાક્ષ, મોતી, દર્ભ, શંખ, કમળકાકડી, હળદર, બહેડા, ચંદન, વૈજયન્તી. **(૪)** પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઈત્યાદિ ગમે એટલું દુ:ખ અથવા સુખ તે આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રધ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે તે ખરો હરિભક્ત કહેવાય. **(૫)** પથ્થર, કાષ્ટ, ધાતુ, ચિત્ર પ્રતિમા, રેતીથી બનાવેલી, મનોમયી, મણીમયી, માટી. **(૬)** ૧. ભગવાન દિવસે-રાત્રે પોઢ્યા હોય. ૨. થાળ જમતા હોય. ૩. પૂજારી (શણગાર) વસ્ત્ર બદલાવતા હોય. ૪. આરતી થતી હોય. ૫. ભગવાનના દેરામાં પડદા હોય ત્યારે. **(૭)** પ્રેમાનંદ સ્વામી.

૧. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૨. સાં. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૩. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૫. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૬. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૭. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૮. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૧૧. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી અમદાવાદ)
૧૨. સાં. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર)
૧૩. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૧૪. અડાલજા કંચનબેન, તૃપ્તિબેન (રતનપર)
૧૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૭. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૧૮. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૯. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૨૦. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૧. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૨. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૩. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૨૪. સાં. ભારતીબા, મંજુબા (હવેલી અમદાવાદ)
૨૫. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી અમદાવાદ)
૨૬. ભાવસાર વિણાબેન આર. (અમદાવાદ)
૨૭. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૮. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર
૨૯. ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૦. ભાવસાર પલ્લવીબેન, ડહીબા (લાંઘણજ)
૩૧. વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)
૩૨. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૩. પરમાર ભાનુબેન બી. (બોડકા)
૩૪. પટેલ પ્રવિણભાઈ બી. ન્યુજર્સી
૩૫. પટેલ કોકિલાબેન પી. (ન્યુજર્સી)
૩૬. સોની વર્ષાબેન અરવિંદભાઈ (મેમનગર)
૩૭. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૩૮. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (અમદાવાદ(
૩૯. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૦. આદેશરા રમાબેન મોહનલાલ (સુરત)
૪૧. સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)
૪૨. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચાલતો ધનુર્માસ ધૂન્ય મહોત્સવ**

ભરત ખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને સમસ્ત ધર્મકુળની શુભ નિશ્રામાં તથા પૂજ્યનીય સંતો અને હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૧૧ થી પવિત્ર ધનુર્માસ ધૂન્ય મહોત્સવનો પ્રારંભ થયો. હાલ તો શિયાળાની મોસ પુર જોશમાં ચાલે છે. ઠંડી તો એવી પડે છે નાના મોટા સૌ કોઈ ગરમ સ્વેટર, શાલ, ટોપી અને મફલરનો ઉપયોગ કરીને આ દેહનું રક્ષણ કરી રહ્યાં છે. પરંતુ આવી ઠંડીમાં પણ શ્રી નરનારાયણદેવના દરેક શિખરબધ્ધ મંદિરો અને દરેક હરિમંદિરો અને જ્યાં મંદિર નથી ત્યાં હરિભક્તના ઘરમાં પણ વહેલા વહેલા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રત્યક્ષ (મૂર્તિ સ્વરૂપ) હાજરીમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન્યની રમઝટ એવી ચાલે કે પરોક્ષના લોકોને ક્યાંક વહેલા જવાનું હોય તો એલાર્મ મૂકવાની જરૂર ન પડે ! આ ધૂન્યનો અલૌકિક ધ્વનિજ તેને જગાડી દે છે. અમદાવાદ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગત, જે.પી. સ્વામી, બ્ર. પૂજારી રાજેશ્વરાનંદજી, જે. કે. સ્વામી, મુનિ સ્વામી તથા રામ સ્વામી આદિ નાના મોટા સૌ સંત મંડળના સુંદર સહયોગથી ધનુર્માસ ધૂન્યનો સુંદર કાર્યક્રમ એવો ચાલે છે કે યજમાનો થવા પડા પડી થાય છે. રૂા. ૧૫૦૦/- ભરીને માસિક ધૂન્ય કરાવનારા હરિભક્તો દર વર્ષ કરતા આ વર્ષે ખૂબજ થયા છે. આમા વિશેષ તો સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન, સમસ્ત ધર્મકુળ (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પરિવાર) સમસ્ત વડીલ સંતોની ધૂન્ય સૌથી પ્રથમ નોંધાય છે. અને દૈનિક ધૂન્યના યજમાન હરિભક્તો પણ કેટલા બધા થાય છે ! માસિક ધૂન્યના યજમાન ને સુંદર લેપટોપ મૂકવાનો થેલો ભેટ અપાય છે અને દૈનિક ધૂન્યના હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વમુખે પઠન કરાયેલ શિક્ષાપત્રીની સી.ડી. ભેટરૂપે અપાય છે. માટે વ્હાલા ભક્તો ૧૫ મી જાન્યુઆરી પર્યન્ત ચાલતી આ અલૌકિક ધૂન્યમાં લાભ લેવાનં ચૂકતા નહીં અને હા રૂા. ૧૫૦૦/- ભરીને માસિક ધૂન્યનો અને રૂા. ૧૦૦/- દૈનિક ધૂન્યના યજમાન બનવાનું પણ ચૂકતા નહી. આપણી ધૂન્યનની હાજરીની નૌંધ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાખે છે. જેથી ધૂન્યનો લાભ જરૂર લેવો. (યોગી સ્વામી)

**ચંદ્રગ્રહણ નિમિત્તે અમદાવાદ મંદિરમાં કીર્તન ભક્તિ અને ધૂન્ય**

માગસર સુદ પૂનમના ચંદ્રગ્રહણ હોવાથી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં સાંજે ૬ થી ૧૦ પર્યન્ત પ્રસાદીના સભામંડપમાં શ્રી નરનારાયણદેવની નિશ્રામાં પૂજ્ય સંતો અને હરિભક્તોએ નંદ સંતો રચિત કીર્તન ભક્તિ અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય આદિ કાર્યક્રમ કરેલ. જેમાં પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી કોઠારી પાર્ષદ દિગંબર ભગત, જે.કે. સ્વામી, જે.પી. સ્વામી આદિ સંત મંડળે આ નિમિત્તે આયોજન કરીને સૌને ભજન ભક્તિ કરવામાં સહાયરૂપ બન્યા હતા.

(મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલમાં શતાબ્ધી મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા વયોવૃધ્ધ સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજીની પ્રેરણાથી વઢીયાર પ્રાન્તના માંડલ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ) અને બહેનોના મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતા તેના ઉપક્રમે તા. ૧૮-૧૧-૧૧ થી તા. ૨૪-૧૧-૧૧ પર્યન્ત વિવિધ ઉત્સવો સંપન્ન થયા.

તા. ૧૪-૧૧-૧૧ થી તા. ૧૭-૧૧-૧૧ પર્યન્ત ૧૦૦ કલાકનો અખંડ મહામંત્ર જાપ વિધિવત થયો.

તા. ૧૭-૧૧-૧૧ ના રોજ સાંજે ૫-૩૦ કલાકે વિજય ધ્વજ રોપણ અને તા. ૧૮-૧૧-૧૧ ના રોજ યજમાનશ્રીના ઘરેથી પોથીયાત્રા ધામધૂમથી મંદિર અને ત્યાંથી સભામંડપમાં ધામધૂમ સાથે પૂર્ણ થઈ તા. ૧૮-૧૧-૧૧ થી તા. ૨૪-૧૧-૧૧ પર્યન્ત શ્રીહરિને અતિ પ્રિય શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) ના સંગીતના સુમધુર સૂર સાથે સંપન્ન થઈ. કથા પ્રસંગમાં આવતા ઉત્સવો શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી અભિષેક, અન્નકૂટ આદિ ધામધૂમથી ઉજવાયા. પંચાળાનો રાસનું પણ સંતો સાથે હરિભક્તોએ રાસ રમીને અલૌકિક લાભ લીધો. સૌ પ્રથમ ગાદી પર પદારૂઢ થયા બાદ બહેનોના મંદિરની પ્રતિષ્ઠા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થઈ હતી. તે પ્રસંગને પાવન કરવા તા. ૨૩-૧૧-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. યજમાન હરિભક્તો દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત પૂજન અર્ચન આદિ થયા હતા. સભામાં યજમાનશ્રીઓનું સન્માન બાદ સંતોનું પૂજન કરી **પૂ. મોટામહારાજશ્રીએ અમૃતમય આશીર્વાદ આપતા કહ્યું કે અમે ગાદી પર પદારૂઢ થઈને જ્યારે અહીં માંડલમાં પ્રતિષ્ઠા કરવા પધાર્યા ત્યારે અમારું સ્વાગત ૨૫ બળદગાડાને શણગારીને કરેલું. અમે પણ ગાડામાં બેઠા હતા તે આજે**

**સંસ્મરણ થઈ આવ્યું.**

તા. ૨૨-૧૧-૧૧ થી તા. ૨૪-૧૧-૧૧ ત્રિદિનાત્મક હરિયાગનું પણ સુંદર આયોજન થયું. તા. ૨૪-૧૧-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સવારે માંડલ ગામે પધાર્યા ત્યારે સમસ્ત ગામે ધામધૂમથી સામૈયુ કર્યું. વઢિયાર પ્રદેશના સૌ ભક્તજનોએ આનંદના અતિરેક્તમાં નાચતા કુદતા માંડલ નગરમાં ભવ્ય શોભાયાત્રા ધામધૂમપૂર્વક મંદિરે આવીને પૂર્ણ થઈ. સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓના મંદિરમાં ઠાકોરજીનો શોડષોપચાર અભિષેક વેદ વિધિસર કર્યો. આ અલૌકિક દર્શનમાં હજારો ભક્તજનો જોડાયા. ત્યારબાદ શ્રીગણપતી હનુમાનજીનું પૂજન અર્ચન કર્યું. અને તે પછી બહેનોના મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કર્યો. ત્યારબાદ શ્રીહરિયાગની પૂર્ણાહુતિ કરીને ઠાકોરજીની અન્નકૂટ આરતી બન્ને મંદિરમાં ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં કથા શ્રવણ બાદ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. યજમાન પરિવારોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા, ત્યારબાદ વિવિધ સેવાના યજમાનોનું સન્માન કરી મૂર્તિ ભેટ આપવામાં આવી હતી. સ્વયં સેવકોની સેવાને પણ મૂર્તિ આપી બિરદાવવામાં આવી. ગુરુ મંત્રનો સુંદર કાર્યક્રમ થયો. ત્યારબાદ ઘર સભા પુસ્તકનું વિતરણ થયું. સંતોની પ્રેરક વાણી બાદ **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આર્શીપ્રવચનમાં જણાવ્યું કે શ્રી નરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા અને વફાદારી રાખશો તો તમારા તમામ કામમાં શ્રી નરનારાયણદેવ ભેળા રહેશે.** હરિભક્તોને આશીર્વાદથી નવું જોમ બળ મળ્યું. મંદિરનો કોઠારી પ.ભ. ભગવાનદાસ પટેલની નિવૃત્તિ સ્વીકારીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ નવયુવાન પ.ભ. મુકેશભાઈ ભગવાનદાસને કોઠારી પદનો હાર પહેરાવી નિયુક્ત કર્યા. ત્યારબાદ યજમાનશ્રીને ત્યાં પધરામણી કરી. તમામ નામી અનામી સેવા કરનાર હરિભક્તોને બિરદાવી સૌએ મહાપ્રસાદ લીધો હતો.

અહીંથી પ.પૂ. મહારાજશ્રી સૌ પ્રથમ વાર વઘાડા ગામે પધાર્યા ત્યારે હરિભક્તોએ ખૂબજ સુંદર સ્વાગત કર્યું હતું. યજમાનશ્રીને ત્યાં પધારી તેમનો ભાવ પૂર્ણ કરી સભામાં પધાર્યા હતા. અને તમામ ગુણભાવ વાળા નવા થયેલા આશ્રિતોને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. આ ગામમાં સત્સંગીઓની દીકરી (કાલીયાણા આદિ) થકી સત્સંગ થયો છે. દીકરીઓને ધન્ય છે કે કરિયાવરમાં ઈષ્ટદેવને સાથે લાવીને સત્સંગને દિપાવ્યો. આવા ગામોમાં સત્સંગનું આવું અદ્ભુત કાર્ય પૂજ્ય શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરવાળા) દ્વારા થાય છે. તેથી પ.પૂ. મહારાજશ્રી ખૂબજ રાજી થયા છે. (કોઠારીશ્રી, માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજના પાવન સાનિધ્યમાં તા. ૫-૧૨-૧૧ થી તા. ૧૧-૧૨-૧૧ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ વિધિવત ધામધૂમથી સંપન્ન થઈ.

યજમાન પરિવારના માતુશ્રી પ.ભ. રમાબેનના આશીર્વાદથી અ.નિ. રેખાબેન ગીરીશભાઈ કાનાણીના સ્મરણાર્થે પ.ભ. ગીરીશભાઈ દેવચંદભાઈ કાનાણી પરિવારના યજમાન પદે આવી સુંદર કથા યોજવામાં આવી હતી.

કથાના વક્તા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ પોતાની સુમધુર શૈલીમાં ભક્તજનોને કથાનું રસપાન કરાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. જેમાં બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી અને આનંદ સ્વામી આદિ સંતો તેમજ ધામોધામના સંતોએ પધારી પોતાની વાણીનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી અતિ રાજી થયા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટ)

**પ્રસાદીભૂત મોટેરા ગામમાં બાળ સત્સંગ મંડળની સ્થાપના**

પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી શ્રીહરિના પ્રસાદીરૂપ મોટેરા ગામમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સંચાલિત બાલ સત્સંગ મંડળનો પ્રારંભ તા. ૧૧-૧૨-૧૧ ને રવિવારના રોજ વિધિવત રીતે સંપન્ન થયો.

સાંજે ૪ થી ૫ બાળકોની જ સુંદર સભા થઈ. બાળકોનો પરિચય બાદ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, અને સ્વા. વ્રજભૂષણદાસજીએ કંઠી પહેરાવી સત્સંગ અને સંસ્કાર સિંચન અંગે ભગવાનના બાળ લીલાચરિત્રની વાતો સમજાવી બાળકોને પ્રોત્સાહિત કર્યા. ૫૦ જેટલા બાળકોએ સભાનો લાભ લીધો હતો જે ખૂબજ આવકાર દાયક છે. આ બાળ મંડળનું સંચાલન હર્ષદભાઈ, મયુરભાઈ અને મધુસુદનભાઈ આદિ યુવકો દ્વારા થયું છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ બાળ મંડળની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા છે.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મોટેરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરાનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂજ્ય શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને અત્રે મંદિરના (પૂજારી) શા.

છપૈયાપ્રસાદદાસજી આદિ સંતોની પ્રેરણાથી શ્રીહરિના દિવ્ય અલૌકિક ચરણકમળથી અંકિત પાવન ભૂમિ જમીયતપુરામાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી પ્રભા હનુમાનજી મહારાજની છત્ર છાયામાં અત્રે ગામના નૂતન ભવ્ય હરિ મંદિરમાં બિરાજમાન ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો દ્વિતીય પાટોત્સવ તા. ૨-૧૨-૨૦૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પૂજા અર્ચના, મહાપૂજા, અભિષેક, અન્નકૂટ દર્શન, સત્સંગ સભા આદિ થયા હતા. દ્વિતીય પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. પ્રહલાદભાઈ પૂંજાભાઈ પટેલની દિવ્ય સ્મૃતિમાં તથા ગં.સ્વ. રઈબેન પ્રહલાદભાઈ પટેલ (જેઓ પાટોત્સવ બાદ અક્ષરનિવાસી થયા)ના શુભ સંકલ્પથી તેમના પુત્રો પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી), પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈપટેલ, પ.ભ. પ્રકાશભાઈ પ્રહલાદભાઈ પટેલ અને પ.ભ. તુષારભાઈ દશરથભાઈ, પ.ભ. અમિતભાઈ દશરથભાઈ અને ઈશાનભાઈ રમેશભાઈ પટેલ આદિ પરિવારોએ સુંદર લાભ લીધો હતો. સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વહદ્ હસ્તે ઠાકોરજીનો વેદોક્ત વિધિથી અભિષેક થયો. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી મહાપૂજામાં પધાર્યા અને મહાપૂજાની આરતી કરીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. પી.પી. સ્વામી, પૂ. આત્મપ્રકાશદાસજી સ્વામી, શા. ઘનશ્યામ સ્વામી આદિ સંતોની પ્રેરકવાણી બાદ છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગે સભા સંચાલન શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસજીએ સંભાળ્યું હતું. સમસ્ત ગામના હરિભક્તોએ આ પ્રસંગમાં ઉપસ્થિત રહી પ્રસાદ લીધો હતો.

(કોઠારીશ્રી - હાર્દિક ભગત)

**સીતાપુર મંદિરમાં પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા શ્યામચરણદાસજી સ્વામીની પ્રેરણાથી સીતાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯૬મો પાટોત્સવ તા. ૨૭-૧૧-૧૧ ના રોજ ઉજવાયો.

પ્રથમ ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી અને ત્યારબાદ ઠાકોરજીને પાલખીમાં પધરાવી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગામના તમામ હરિભક્તો આ પ્રસંગમાં જોડાયા હતા. જેતલપુર ધામથી મહંત કે.પી. સ્વામી, શા. હરિૐ સ્વામી અને વી.પી. સ્વામીએ કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. (શા. ભક્તિનંદનદાસ)

**નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કલોલ પંચવટીમાં શ્રી નરનારાયણદેવ દેશ તાબાના નવનિર્માણાધિન શિખરબધ્ધ મંદિરના કંપાઉન્ડમાં એક શેડમાં હરિ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ આદિ મૂર્તિઓની તા. ૨૭-૧૧-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં સર્વે હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. (વી.પી. સ્વામી, મહંતશ્રી)

**જેતલપુરધામમાં સત્સંગિજીવન પારાયણ અને ધનુર્માસમાં પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજીની પ્રેરણાથી નૂતનવર્ષના પ્રારંભમાં મહાપ્રતાપી દેવશ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અ.નિ. પ.ભ. વિરજીભાઈ હરજીભાઈ દેસાઈની (પટેલ)ની સ્મૃતિમાં તા. ૧૧-૧૧-૧૧ થી તા. ૧૭-૧૧-૧૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ અત્રેના યુવાન શાસ્ત્રી ભક્તિનંદનદાસજીના વક્તાપદે સંગીતના તાલે સુંદર રીતે સંપન્ન થઈ. કથા પ્રસંગમાં દરેક ઉત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. આ પ્રસંગે છપૈયાધામ, અમદાવાદ, ચરાડવા, મૂળી, કાંકરિયા અને સુરત આદિ ધામોના સંતો પધાર્યા હતા. યજમાન પરિવાર કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી કથા પ્રસંગમાં પધારીને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. પોતાના પિતાશ્રીના આ સંકલ્પને તેમની દીકરીઓ અને જમાઈઓએ પૂર્ણ કરી રાજીપો મેળવ્યો હતો. સમગ્ર આયોજન મહંત કે.પી. સ્વામી અને કલોલ મહંત વી.પી. સ્વામીએ કર્યું હતું.

**પવિત્ર ધનુર્માસમાં સત્સંગિજીવન પંચાન્હ પારાયણ**

શ્રીરેવતી બળદેવજી મહારાજના સાનિધ્યમાં તા. ૧૮-૧૨-૧૧ થી તા. ૨૪-૧૨-૧૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. હરિઓમપ્રકાશદાસજી અને સ.ગુ.શા. વિશ્વપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થઈ. જેના યજમાન પ.ભ. પુષ્પાબેન ગીરીશભાઈ ભગત રહ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. તા. ૨૧-૧૨-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવી રાજી થયા હતા. જેતલપુરધામમાં ધનુર્માસમાં સવારે ૬-૩૦ થી ૭-૧૫ ગામના હરિભક્તો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્યનો લાભ લેવા પધારે છે. (શ્યામચરણ સ્વામી)

**પોર (જી. અમદાવાદ)માં ધીરજાખ્યાન પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ

મહંતશ્રી)ની પ્રેરણાથી તથા પ.ભ. અંબાલાલભાઈ ચતુરદાસ પટેલ (નવાબ) હ. સુમનભાઈ અંબાલાલભાઈ પટેલના મુખ્ય યજમાન પદે તા. ૧૫-૧૨-૧૧ થી તા. ૧૯-૧૨-૧૧ના પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત ધીરજાખ્યાન કથા સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે રાત્રી સત્સંગ ડાયરો, વ્યસનમુક્તિ આદિ કાર્યક્રમો થયા હતા. કથા પ્રસંગમાં ગામના અને આજુબાજુના ગામોના ઘણાજ હરિભક્તો યજમાનશ્રીના આમંત્રણથી લાભ લેવા પધાર્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવાર અને ગામના હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં ધામોધામથી ઘણા સંતો પધાર્યા હતા. જેમા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) પૂજારી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી આદિ સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં વ્યવસ્થામાં સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી) રહ્યા હતા. (શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**ખેરોલ (સાબરકાંઠા) મંદિરમાં પ્રથમ ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર મહંતશ્રી)ની પ્રેરણાથી ખેરોલ ગામમાં તા. ૧૭-૧૨-૧૧ ને શનિવારના રોજ પ્રથમ ભવ્ય શાકોત્સવનું ''ન ભૂતો ન ભવિષ્યતિ'' જેવું આયોજન સંપન્ન થયું શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. અ.નિ. સંતોકબેન હાથીભાઈ પટેલ હ. શકરાભાઈ અને કનુભાઈએ સુંદર લાભ લીધો હતો. આ સિવાય ગામના નાના મોટા હરિભક્તોની પણ સુંદર સેવા સાંપડી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. સ્વા. અખિલેશ્વરદાસજી આદિ સંતો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારજશ્રીએ શાકનો વધાર કરીને અદ્ભૂત શાકોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે ગામ અને પર ગામના હરિભક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ સભાને આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ.શા. સુખનંદન સ્વામી અને સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ ગામના ભક્તોને કથા કરીને સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખેરોલની સેવા પ્રેરણારૂપ હતી.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**બાલવામાં દિવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ધર્મકુળ પ્રેમી બાલવા ગામમાં તા. ૨૦-૧૨-૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન થયું. આ શાકોત્સવમાં ૮૦ મણ રીંગણ, ૮૦ મણ બાજરીનો લોટ, ઢગલા બંધ માખણ આદિ શાકોત્સવ માટેનું શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આયોજન કર્યું હતું. શાકોત્સવની પૂર્વ તૈયારી માટે જેતલપુરથી શા.સ્વામી ભક્તિનંદનદાસ આદિ સંતો પધાર્યા હતા.

તા. ૨૦-૧૨-૧૧ ના રોજ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શાકોત્સવના યજમાન પ.ભ. ભાટી લાલસિંહને ત્યાં પધાર્યા હતા. જ્યાં યજમાન શ્રીએ આરતી ઉતારી પૂજન કરી ભેટ ધરી હતી. ત્યારબાદ શાકોત્સવની સભામાં પધાર્યા હતા. જેમાં યજમાન પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી સોનાની વીંટી પહેરાવી હતી. ત્યારબાદ ગામના હરિભક્તોએ હારતોરા કરી આશીર્વાદ લીધા હતા. પ.પૂ. મહારાજશ્રી ગામની હાઈસ્કુલમાં પણ પધારીને સ્કુલને પાવન કરી હતી. પ.પૂ. મહારાજશ્રી સાથે દિવ્ય શાકોત્સવમાં પૂ. પી.પી. સ્વામી, પૂ. આત્મપ્રકાશદાસજી સ્વામી અને શ્યામચરણ સ્વામી રહ્યાં હતાં. હજારો ભક્તજનોને શ્રીજી મહારાજના દર્શનની પ્રત્યક્ષ ઝાંખી થઈ હતી. બાલવા અને આજુબાજુના ગામના બહેનોની રોટલા બનાવવાની મોટી સેવા હતી. હરિભક્તોના આમંત્રણથી જેતલપુર, અમદાવાદ, માણસા, ટોરડા, મહેસાણા અને ઉનાવા આદિ ધામો ધામથી સંતો પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, અને સ્વા. નારાયણપ્રસાદદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત ગામને શ્રી નરનારાયણદેવની દ્રઢ ઉપાસના વિશેષ વધે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સ્કુલમાં વૃક્ષારોપણ કરી ગામમાં પધરામણી કરી હતી. સમગ્ર ઉત્સવનું સંચાલન અમારા જેતલપુરના ભક્તિનંદદાસે કર્યું હતું.

(કે.પી. સ્વામી જેતલપુર)

**પાટડીમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી ખાતે તા. ૧૮-૧૨-૧૧ ના રોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં જેતલપુરધામના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી સાથે શા. ભક્તિનંદનદાસજી, અક્ષરમહોલવાડીના અભ્યાસ કરતા વિદ્યાર્થી સંત, ગુણસાગર સ્વામી અને ધર્મતિલક સ્વામી આદિ સંતોએ હરિભક્તોને ખૂબજ સુંદર શૈલીમાં કથામૃત પાન કરાવ્યુ હતું. સંતોએ કીર્તન ભક્તિમાં નંદસંતો રચિત કીર્તનો ગાયા હતા. છેલ્લે પૂજ્ય શા. સ્વામી આત્મપ્રકાશદાસજીએ આશીર્વચનમાં કહ્યું કે આપણ ને તો શ્રી નરનારાયણદેવ અને ભગવાનનું કુળ ધર્મકુળ મળ્યું છે તેને છોડીને બીજે ક્યાંય રખડવું નહીં તેવો સિદ્ધાંત રાખજ્યો. એમ કહી ખૂબજ રાજી થયા હતા. આ સભામાં (બહેનોની) સાં. શાંતાબાનું મંડળ પણ પધાર્યું હતું. સભામાં પાટડી, માંડલ, ટ્રેન્ટ, બામણવા આદિ ગામના હરિભક્તોએ લાભ લીધો હતો.

(શા. ભક્તિનંદનદાસ)

### હિંમતનગરમાં પાટોત્સવ તથા હરિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા અ.નિ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીના શુભ સંકલ્પથી તથા સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર) તથા મહંત શા. હરિજીવનદાસજીના માર્ગદર્શન મુજબ હિંમતનગર ખાતે વિશાળ હરિમંદિર- પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા નિજ મંદિરનો ૨૨ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયા.

મા.સુ.-૬ તી. ૩૦-૧૧-૧૧ સવારે મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજનો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક તથા આરતી થઈ. મહોત્સવના યજમાનને ઘેર પધરામણી પછી હરિમંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે શ્રી ઘનશ્યામ મહારાજ, નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ આદિ મનોહર અર્ચા સ્વરૂપોની પ્રતિષ્ઠા વિધિ તથા આરતી કરી. ત્રિદિનાત્મક પચ્ચીસકુંડી હરિયાગમાં સમાપ્તિનું શ્રીફળ હોમીને તેઓ સભામાં પધાર્યા. પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, સ.ગુ. રઘુવીર સ્વામી, સ.ગુ. કૃષ્ણપ્રસાદ સ્વામી વગેરે અગ્રગણ્ય સંતોએ પૂ. મહારાજશ્રીને ફૂલહાર કર્યા. મહોત્સવના મુખ્ય યજમાન દિનેશભાઈ પી. પટેલ, પાટોત્સવ યજમાન ભરતભાઈ એસ. મોદી, હરિયાગના યજમાન દ્વારકાદાસ એચ. પટેલ વગેરે ભક્તોએ આરતી પૂજા કરીને આશીર્વાદ લીધા હતા. નાના-મોટા સર્વ યજમાનોએ ફુલહારનો લાભ લીધો હતો. તન-ધનથી સેવા કરનાર સૌના ઉપર પૂ. મહારાજશ્રીએ રાજીપો વરસાવ્યો હતો. અમદાવાદ, જેતલપુર, સોકલી, માણસા ધામોધામથી પધારેલા સંતોએ તથા ડૉ. કે.કે. પટેલ (ટ્રસ્ટીશ્રી)એ પ્રેરણાદાયી પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે સભા સંચાલક શા.હરિજીવનદાસજીના સ્વરમાં 'હરિરસ' નામે કીર્તનોની સીડીનું પૂ. મહારાજશ્રી દ્વારા વિમોચન થયું હતું. બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ખાસ પધારીને બહેનોને આશીર્વાદ આપ્યા હતા.

પ્રતિષ્ઠા નિમિત્તે આયોજીત રક્તદાન શિબિરમાં સંતો હરિભક્તોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. મહોત્સવને સફળ બનાવવા પુજારી સ્વામી અજયપ્રકાશદાસજી તથા સ.ગુ. ધર્મપ્રિય સ્વામી તથા કોઠારી સત્યસંકલ્પ સ્વામી તથા શા. શ્રીજીપ્રકાશદાસજી તથા શાસ્ત્રી વાસુદેવચરણદાસજીએ અનેરુ યોગદાન આપ્યું હતું. (કોઠારી સ્વામી)

### એકાદશી જાગરણ

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી હિંમતનગર શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ દ્વારા તા. ૬-૧૧-૧૧ રવિવારને પ્રબોધિની એકાદશીના જાગરણના કાર્યક્રમમાં મહંત શા. સ્વામી હરિજીવનદાસજીએ દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ થયો. હતો. અંદાજે ૬૦ જેટલા સત્સંગી બહેનોએ સ્વાગત ગીત, કીર્તન ભક્તિ, સાંપ્રદાયિક નાટક સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ કાર્યક્રમ કરીને એકાદશીનું જાગરણ કર્યું હતું. (રાકેશ પ્રજાપતિ)

### ફિચોડ ગામે શ્રીહરિ સાર્વજનિક વાંચનાલય

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઈડર તાલુકાના ખોબલા જેવા ફિચોડ ગામમાં અ.નિ. છગનભાઈ હરિભાઈ અને અ.નિ. જોઈતી બાની કાયમ સ્મૃતિ માટે તેમના પુત્ર પરિવાર તરફથી તા. ૬-૧૧-૧૧ના રોજ શ્રીહરિ સાર્વજનિક વાંચનાલય ખુલ્લું મુકાયુ. આ જ્ઞાન પરબમાં અનેક મહાનુભાવોએ પોતાનો સુંદર સહયોગ આપ્યો છે.

### દેલવાડા ગામે ૬ઠ્ઠો શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તા. ૧૭-૧૨-૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવ અને સત્સંગ સભા રાખવામાં આવી હતી. સત્સંગ સભામાં સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) અને સ.ગુ.શા. નાના પી.પી. સ્વામીએ સુંદર કથા વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના હરિભક્ત બહેનોએ રોટલા બનાવવાની શ્રધ્ધા ભક્તિપૂર્વક સેવા કરી હતી. રાત્રે ગવૈયા હરિભક્તો દ્વારા ભજન કીર્તન થયા હતા.

તા. ૧૮-૧૨-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે હરિભક્તોએ ખૂબ જ ધામધૂમથી સ્વાગત સામૈયુ કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વયં શાકનો અદ્‌ભુત વઘાર કર્યો ત્યારે શ્રીજી મહારાજના પ્રત્યક્ષ દર્શનની સૌને ઝાંખી થઈ હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વદા પાઠવ્યા હતા. પ.ભ. મણીભાઈ (ખાંડવાળા) ૮૪ વર્ષે પણ શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યોની નોંધણી કરતા હતા. જેમાં પ.ભ. ઘનશ્યામભાઈ બાપુદાસ પટેલના સૌજન્યથી શ્રી સ્વામિનારાયણ માસિકના ૯ આજીવન સભ્ય થયા હતા. પ.ભ. ભગુભાઈ માસ્તરે આભાર વિધિ કરી હતી. (મણીભાઈ ખાંડવાળા)

### ખેરોલમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ થી શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલમાં તા. ૨૧-૧૧-૧૧ ને એકાદશીના દિને સુંદર સંતવાણી કાર્યક્રમમાં સ.ગુ.શા. સ્વા. અખિલેશ્વરદાસજી અને શા. સુખનંદનદાસે ભગવાન શ્રીહરિનું મહિમા માહાત્મ્ય વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. મહાપૂજાનું આયોજન પણ થયું હતું. જેના યજમાન શ્રી શંકરભાઈ કચરાભાઈ પટેલ રહ્યા હતા. કીર્તન ભક્તિ સ્વા. સર્વેશ્વરદાસ અને સ્વા. વિશ્વેશ્વરદાસે કરી હતી. (સાધુ સર્વેશ્વરદાસ)

**શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ગોમતીપુરમાં ધુન્ય**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અત્રે ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં છેલ્લા પાંચ વરસથી સવારે ૫-૩૦ થી ૬ શ્રી સ્વામિનારાયણ માહમંત્ર ધૂન હરિભક્તો સાથે મળીને કરે છે. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગોમતીપુર)

**ન્યુ રાણીપ ગામમાં ઉજવાયો પ્રથમ ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીની તથા સ.ગુ.શા.પી.પી. સ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ)ની પ્રેરણાથી ન્યુ રાણીપ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૨૫-૧૨-૧૧ ને રવિવારના રોજ પ્રથમ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સંતો સાથે શુભ આગમન થતા ૪૦૦૦ જેટલા ભક્તજનો ભાવ વિભોર બની ગયા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે બુટ ભવાની પાર્ટી પ્લોટમાં શાકોત્સવનો અલૌકિક વધારના છમકારા સારાય વિસ્તારમાં પ્રસરી ગયા. જેના યજમાન પ.ભ. પુરુષોત્તમભાઈ નારણભાઈ પટેલ હ. પ્રકાશભાઈ (ચૈનપુર) રહ્યા હતા. ન્યુ રાણીપ અને આજુબાજુના વિસ્તારના હરિભક્તોની પણ સેવા મળી હતી અને સૌ શાકોત્સવમાં પણ ઉપસ્થિત રહ્યાં હતા. બૂટ ભવાની પાર્ટી પ્લોટના માલિક પ.ભ. પ્રકાશભાઈની સેવા બિરદાવવા લાયક હતી. સાથે સાથે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રાણીપ, નવા વાડજ, નારાયણઘાટ અને ઘાટલોડીયાના યુવકોની સેવા પ્રેરણા રૂપ હતી.

આ પ્રસંગમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ સંત મંડળ સાથે પધારી આશીર્વાદ આપ્યા હતા. કીર્તન ભક્તિ બાદ સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શાકોત્સવનો સુંદર મહિમા કહ્યો હતો. ત્યારબાદ હજારો ભક્તજનોએ શાકોત્સવને માણ્યો. (પ્રવિણભાઈ પટેલ)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર દ્વારા સુંદર મહાપૂજાનું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંતોની પ્રેરણા માર્ગદર્શન થી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કર્મશક્તિ બાપુનગર દ્વારા તા. ૨૫-૧૨-૧૧ રવિવારના રોજ કર્મશક્તિ પાર્ક (ગોકુલ પાર્ટી પ્લોટ) ખાતે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું.

શ્રીજી મહારાજના સમકાલિન સ.ગુ. અખંડાનંદ સ્વામીએ પ્રવતાવેલ મહાપૂજા જે શ્રીજી મહારાજ તથા નંદ સંતોના પ્રત્યક્ષ પૂજનનું ફળ આપનારી છે. આ અલૌકિક મહાપૂજામાં ૪૩૦ જટેલા ભક્તજનોએ લાભ લીધો હતો. સવારથી બપોર સુધી વિપ્રો દ્વારા મહાપૂજા વિધિવત સંપન્ન થઈ. સભામાં શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ મહાપૂજાનો મહિમા કહ્યો હતો. આ પ્રસંગમાં સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ.શા.પી.પી. સ્વામી (મહંતશ્રી, નારણઘાટ) સ્વામી લક્ષ્મણજીવનદાસજી આદિ સંતો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શા. પી.પી. સ્વામીએ મહાપૂજાના યજમાનોને આશીર્વાદ આપી રાજી કર્યા હતા. મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ. અશ્વિનભાઈ સરધારા રહ્યા હતા. જેમણે સેવા કરીને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. અન્ય હરિભક્તોની પણ સારી સેવા હતી. અહીંના યુવકોએ પણ સેવા કરીને પ.પૂ .મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભામાં યુવકોની સેવાને બિરદાવી હતી. બાપુનગર વિસ્તારમાં એક ભવ્ય કથા થાય તેવી આજ્ઞા કરી હતી. સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી આયોજીત શાકોત્સવ કોટેશ્વર ગુરુકુળમાં ઉજવાયો**

શ્રીજી મહારાજના દિવ્ય ચરણોથી પુણ્ય પાવન પવિત્ર ભૂમિ કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર) આયોજીત શાકોત્સવનું આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ.ગુ. શા. નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૨૫-૧૨-૧૧ ના રોજ સુંદર રીતે સંપન્ન થયું.

આ શાકોત્સવમાં સાબરમતી અને આજુ બાજુના વિસ્તારના હરિભક્તોએ લાભ લીધો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ સાબરમતી તરફથી સમગ્ર આયોજન થયું.

કલાકાર મિત્રો દ્વારા સભામાં કીર્તન ભક્તિ બાદ સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ (કોટેશ્વર ગુરુકુળ) કથાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે સભામાં પધાર્યા હતા. સંતોમાં સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ.શા પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, સ્વા. દિવ્યપ્રકાશદાસ આદિ સંતો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અદ્‌ભુત શાકોત્સવ સંપન્ન થયો. સભામાં પી.પી. સ્વામીએ દ્રષ્ટાંત સાથે સુંદર શ્રીજી મહારાજનું માહાત્મ્ય કહ્યું. છેલ્લે સમસ્ત ભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. હજારો ભક્તોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રામનગરની સેવા પ્રેરણારૂપ હતી.

(શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસજી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### માથાક (તા. હળવદ) ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબના માથાક ગામે તા. ૧૯-૧૧-૧૧ થી તા. ૨૫-૧૧-૧૧ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ અ.નિ. ખીમજીભાઈ વશરામભાઈ વડગામાની પુણ્ય સ્મૃતિમાં તેમના પરિવારના પ.ભ. નારણભાઈ ખીમજીભાઈ વડગામાના યજમાન પદે સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ બિરાજીને દરબારી ભક્તોને કથામાં રસતરબોળ કરી દીધા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ગામના સૌ ભક્તો પર રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પ્રસંગે ભવ્ય પોથીયાત્રા, રાત્રીય કાર્યક્રમ, રૂક્ષ્મણી વિવાહ, વ્યસન મુક્તિ થયા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંતો સાથે પધાર્યા હતા. જેમાં મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, મૂળી ધામથી મહંત સ્વામી આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા. સૌ પ્રથમ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિ કરીને યજમાન પરિવાર અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં જીવરાજપાર્ક યુવક મંડળની સેવા પ્રેરણાદાયી હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા શ્રી ભરતભાઈ ઠક્કરે (જીવરાજપાર્ક) સુંદર રીતે સંભાળ્યું હતું. પ.પૂ. મહારાજશ્રી પ.ભ. નારાયણભાઈ વડગામાની આવી સુંદર સેવાથી ખૂબજ રાજી થયા હતા. પ.પૂ. મહારાજશ્રીએ તેઓશ્રીને રાજી થઈને જીવરાજપાર્કના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રજનીભાઈની હાજરીમાં જીવરાજ મંદિરના ટ્રસ્ટી તરીકે નિમણુંક કરી હતી. સમસ્ત ગામ અને વડગામા પરિવારે સતત સેવા કરીને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જીવરાજપાર્ક)

### સુરેન્દ્રનગર મંદિરમાં ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી કારતક સુદ બીજના મંદિરનો પાટોત્સવ વિધિવત ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં કારતક સુદ-૧૧ થી કારતક વદ-૨ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. સત્યસંકલ્પદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન અ.નિ. રકિલાબેન કાંતિલાલ ચંદારાણા પરિવાર રહ્યાં હતા. પાટોત્સવના યજમાન અ.નિ. મણીલાલ મોહનલાલ પરિવાર રહ્યા હતા. કારતક સુદ-૨ ના પ્રાતઃ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી અને હરિયાગની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પણ પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોના રૂડા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી કર્યા હતા.

દરરોજ રાત્રે બાલ સભા, બાલિકા સભા અને બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. અમદાવાદ, મૂળી, નારણપુરા, કાંકરિયા આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. સાંખ્યયોગી બાઈઓ પણ પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી તથા સ્વામી સુવ્રત સ્વરૂપદાસજીએ કર્યું હતું. પૂ. કોઠારી સ્વામીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર આયોજન કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### દેવાનંદ સ્વામીના બળોલ (ભાલ) મંદિરમાં ૬ઠ્ઠો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા મહંતશ્રી)ની પ્રેરણાથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના બળોલ-ભાલના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬ઠ્ઠો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. માગસર સુદ- તા. ૨-૧૨-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામે ભવ્ય સામૈયુ કર્યું હતું. ત્યારબાદ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો વેદોક્ત અભિષેક વિધિવત સંપન્ન થયો. જેના દર્શન સમસ્ત ગામે કરીને ધન્ય ધન્ય બન્યા હતા. ત્યારબાદ ભાઈઓ અને બહેનોના મંદિરમાં અન્નકૂટની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. કાનાભા સિંધવ પરિવારના હાલ અમદાવાદ હાંસોલમાં રહેતા પ.ભ. કેશુભાઈ સિંધવ, તેમના ભાઈઓ અને પુત્રો આદિ પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટના યજમાન પ.ભ. લાભુભાઈ નારણભાઈ ખેરે પ.પૂ. મોટા મહારાજશ્રીને હારતોરા કરી આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં મૂળી મંદિરના મહંત શા.સ્વા. નારણપ્રસાદદાસજી અને શા.સ્વા. રામકૃષ્ણદાસજી (અમદાવાદ મંદિર મહંત સ્વામીના પ્રતિનિધિ)એ સુંદર ઉપદેશાત્મક વાત કરી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપી ગામ ઉપર રાજી થયા હતા. ત્યારબાદ પ.ભ. કેશુભાઈ સિંધવને ત્યાં હોમાત્મક મહાપૂજાની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી આરતી ઉતારી હતી. અને યજમાનશ્રીને ઘરેજ પ્રસાદ ગ્રહણ કરી સ્વસ્થાન પધાર્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, મૂળી, ચરાડવા, શ્રીનાથજી, ધોલેરા આદિ ધામોના સંતો પધાર્યા હતા. સભા

સંચાલન સ.ગુ.શા.સ્વા. વાસુદેવચરણદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારી માલુભાઈ ચાવડા)

**મૂળી ધામમાં નાયણીપામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી**

મુળીપુરના રામાભાઈ રાજાએ શ્રીહરિને ગામમાં તેમના દરબાગઢમાં પધરાવીને જીવન ધન્ય બનાવ્યુ હતું. બે દાયકાના વાણા બાદ એજ પરંપરાના શ્રીહરિના ૭ માં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૩-૧૨-૧૧ ના શુભ દિને મૂળીના પૂજ્ય સ.ગુ. સ્વામી બાળકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. નીરૂભા ગોવાભાના ખૂબજ પ્રેમને વશ થઈને તેમના પૂ. માતુશ્રી રૂપાળીબાના શતાબ્દી પર્વ (૧૦૦ વર્ષ)ના પ્રસંગે તેમના સંકલ્પને સિધ્ધ કરવા પધાર્યા હતા. પૂ. મહારાજશ્રી સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવના દર્શન કરી પ.ભ. નીરૂભાની આલીશાન વાડીના પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન કરી વિશાળ વાડીને ચરણ કમળથી પાવન કરી ગામમાં પ્રસાદીના શ્રી માંડવરાયજીના દર્શન કરી ત્યાંથી શોભાયાત્રાના રૂપે ગામના ક્ષત્રિય પરમારોને દર્શન આપતા નીરૂભાના નિવાસ સ્થાને પધાર્યા. જ્યાં અલ્પાહાર કરી શ્રી લાલજી મહારાજની જગ્યામાં આયોજીત સભામાં પધાર્યા. જ્યાં પ.ભ. નીરૂભા, તેમના વડીલબંધુ શ્રી પ્રવિણસિંહ આદિ બંધુઓ, તેમના ચિ. યશપાલસિંહ અને સગાવહાલા સૌ તેમજ આમંત્રિત મહેમાનોએ પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. જ્ઞાનવલ્લભદાસજી એ મૂળીના ઈતિહાસનું દર્શન કરાવ્યું હતું. સભા સંચાલન શા. છપૈયાપ્રસાદદાસે કર્યું હતું.

છેલ્લે શ્રી નીરૂભાના પરિવાર પર અતિ રાજી થઈ પ્રસન્ન થઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. માતુશ્રી રૂપાળીબાના ઘણા સમયના સંકલ્પને સાકાર કરવા તેમના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા અને રૂપાળીબા અને બહેનોને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં પૂ. બાળકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શનથી ખાણ મંદિરના મહંત ઓમસ્વામી, અનુ સ્વામી, જે.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, ચંદુ ભગત અને ભરત ભગત આદિ સેવામાં જોડાયા હતા. પ.ભ. નીરૂભાના આમંત્રણથી મૂળી મંદિરના મહંત સ્વામી, સ્વા. જગતપ્રકાશદાસજી, સ્વા. લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વા. કૃષ્ણવલ્લભદાસજી આદિ સંતો આ પ્રસંગે પધાર્યા હતા.

(ભાણુભા, બગડવાળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત ભક્તવત્સલદાસજીની પ્રેરણાથી શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં ધનુર્માસમા ત્રણે મંદિરમાં ધૂન, કીર્તન આદિ કરવામાં આવ્યા હતા. હરિભક્તો લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા સુંદર હતી. (કોઠારી વંદનપ્રકાશદાસ)

## વિદેશ સત્સંગ સમાચાર

**વોશિંગ્ટન ડી.સી. (આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી વોશિંગ્ટનના એક હોલમાં તા. ૧૯-૧૧-૧૧ ને શનિવારે ૪-૪૫ થી ૮-૪૫ ૪ કલાક સત્સંગ સભા થઈ હતી. જેમાં કલિવલેન્ડથી, વ્રજવલ્લભ સ્વામીએ ભગવાનના માહાત્મયની કથા સેલ ફોન દ્વારા સંભળાવી હતી. ત્યારબાદ ધૂન કીર્તન અને ઠાકોરજીને થાળ-આરતી સમૂહમાં થયા હતા.

૧૫ ઓકટોબરને શનિવારે સાંજે ૫ થી ૯-૩૦ સાડા ચાર કલાક સત્સંગ સભામાં વચનામૃત (૨૭૩) ની કથા કીર્તન, ભક્તિ બાદ એલ.એ. મંદિરથી નિલકંઠ સ્વામીએ શ્રીહરિનું મહાત્મય સેલફોન દ્વારા કહ્યું હતું. સભામાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૯ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેઓશ્રીની તસવીરનું પૂજન કરીને બર્થડે કેક કાપીને પ્રાકટ્યોત્સવ મનાવ્યો હતો. ત્યારબાદ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા થતી વિવિધ પ્રવૃતિની સૌને જાણ કરવામાં આવી હતી. નૂતન વર્ષના ૨૫૧ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ભગવાનને ધરાવ્યો હતો. ફલોરિડા મંદિરથી યોગી સ્વામીએ સેલફોન દ્વારા કથા સંભળાવી હતી. આમ અત્રે દરેક ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. (કનુભાઈ પટેલ)

**ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) આઈ.એસ.એસ.ઓ. શ્રીસ્વામિનારાયણ મંદિર**

આપણા ઓકલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી (પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પધારેલા) અમદાવાદ મંદિરના આપણા સંતો શા.સ્વા. વિશ્વવિહારીદાસજી તથા શા. અભયપ્રકાશદાસજીએ વચનામૃત જયંતી નિમિત્તે તા. ૨૮-૧૧-૧૧ ના રોજ વચનામૃત (૨૭૩)નું પઠન ભાઈઓ અને બહેનોને સભામાં કરાવ્યું હતું. છેલ્લે વચનામૃતનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી ધામધૂમથી ઉત્સવ ઉજવ્યો હતો. ત્યારબાદ સૌ હરિભક્તો પ્રસાદ લઈ ધન્યતાનો અનુભવ કરી વિદાય થયા હતા. (જયંતીભાઈ પટેલ ઓકલેન્ડ)

**શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે સત્સંગ ખૂબજ સારો ચાલે છે. આ માસ દરમ્યાન વચનામૃત જયંતી, શ્રીહરિ જયંતી આદિ ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. શિકાગો મંદિરના મહંત સ્વામી નીલકંઠપ્રસાદદાસજીએ વચનામૃતનું સમૂહ વાંચન હરિભક્તો સાથે કર્યું હતું. હરિભક્તોએ શ્રધ્ધાપૂર્વક વચનામૃત વાંચન કરી પ્રસંગ સફળ બનાવ્યો હતો. ચંદ્રગ્રહણ નિમિત્તે હરિભક્તોએ મંદિરમાં ધૂન, ભજન, કીર્તન આદિ કર્યા હતા. (વસંતભાઈ ત્રિવેદી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| કારતક સુદ-૫ | પટેલ એન્ડ પટેલ ઓટો ટ્રેક સેન્ટર (સાટા) (હ. દિપક સી. પટેલ) | અમદાવાદ |
| કારતક સુદ-૭ | શારદાબેન વિનોદરાય ગણપતરામશેલત (મોહન થાળ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| કારતક સુદ-૮ | વાલજીભાઈ અરજણભાઈ (ચુરમાના લાડુ) (હ. સુખનંદન સ્વામી) | અમદાવાદ |
| કારતક સુદ-૮ | ગં.સ્વ. ડાહીબેન આત્મારામભાઈ પટેલ (કાજુ બદામમૈસુબ) | લાંઘણજ |
| કારતક સુદ-૮ | શ્રીહરિ ચરિત્રામૃત સાગર પુરઃશ્ચરણ નિમિત્તે (ચુરમાના લાડુ) (હ. સ્વામી જ્ઞાનજીવનદાસજી) | કુંડળધામ |
| કારતક સુદ-૯ | ચિમનભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. રાજુ સ્વામી, ઝુંડાલ) | વજાપુર |
| કારતક સુદ-૧૦ | કિલ્લોલભાઈ શેલત (પારાયણના યજમાન) (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | દિપ્તિબેન કિરીટભાઈ રાવલ (બુંદીના લાડુ) | |
| કારતક સુદ-૧૨ | ચાવડા નવુભા હરિસિંહ છગનજી (મૈસુબ) | આનંદપુરા |
| કારતક સુદ-૧૨ | સમીર રમેશભાઈ પટેલ (મોહન થાળ) (હ. રામસ્વામી) | મુંબઈ |
| કારતક સુદ-૧૨ | મધુબેન બાબુભાઈ પટેલ (ચુરમના લાડુ) | મુંબઈ |
| કારતક સુદ-૧૨ | અંકુર તથા કપીલ નરેન્દ્રભાઈ સોની (બુંદીના લાડુ) | ઘાટલોડીયા |
| કારતક સુદ-૧૨ | વિજયકુમાર છોટાલાલ બ્રહ્મભટ્ટ (ચુરમાના લાડુ) | વડોદરા |
| કારતક સુદ-૧૨ | સવિતાબેન પુરૂષોત્તમદાસ પટેલ (મોહન થાળ) (હ. સુમનભાઈ) | |
| કારતક સુદ-૧૩ | અ.નિ. લાલભાઈ રામજીભાઈ કારા (મોતૈયા લાડુ) | દહીંસરા-કચ્છ |
| કારતક સુદ-૧૪ | પટેલ વિષ્ણુભાઈ આત્મારામ(બુંદીના લાડુ) (હ. ડાહ્યાભાઈ મોહનદાસ) | વેડા ગોવિંદપુરા |
| કારતક સુદ-૧૪ | જોષી ગૌરીબેન અશોકચંદ્ર (બુંદીના લાડુ) | ગોધરા |
| કારતક વદ-૧ | સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧ | મનુભાઈ જીવરાજભાઈ સુહાગીયા (ચુરમાના લાડુ) | પીઠવડી |
| કારતક વદ-૨ | ચૌધરી સંતોકબેન રામાભાઈ છગનભાઈ (મગશ) | બાલવા |
| કારતક વદ-૨ | અ.નિ. વાલબાઈ લક્ષ્મણ (ચુરમાના લાડુ) | કુંદનપુર-કચ્છ |
| કારતક વદ-૨ | મોદી નારણભાઈ વાડીલાલ (ચુરમાના લાડુ) | મહેસાણા |
| કારતક વદ-૩ | દિનશા (અડદિયો) (હ. ધર્મસ્વરૂપ સ્વામી) | ગમીજ |
| કારતક વદ-૩ | પટેલ નિતાબેન મનહરભાઈ (ચુરમાના લાડુ) | ઈટાદરા |
| કારતક વદ-૩ | પટેલ અંબાલાલ કાનદાસ (મગશ) | અમદાવાદ |
| કારતક વદ-૩ | વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ (ચુરમાના લાડુ) | કોઠા |
| કારતક વદ-૫ | અ.નિ.સ.ગુ. શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી (અડદીયો) (હ. જે.પી. સ્વામી) | મેતપુર |
| કારતક વદ-૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર એલ્ડોરેટ (અડદીયો) (હ. રામજીભાઈ) | |
| કારતક વદ-૭ | મહેન્દ્રભાઈ મફતલાલ પટેલ (ચુરમાના લાડુ) | નારણપુરા-કડી |
| કારતક વદ-૭ | નરેન્દ્રભાઈ મણીલાલ કેશવલાલ શાહ (ચુરમાના લાડુ) | ઉના |
| કારતક વદ-૭ | પટેલ હર્ષદભાઈ ડાહ્યાભાઈ (અડદિયો) | મોટેરા |
| કારતક વદ-૮/૯ | સામબાઈ નાનજી ગોરસીયા (મોહનથાળ) | માધાપર-કચ્છ |
| કારતક વદ-૧૦ | હસમુખલાલ ચુનીલાલ શાહ (દૂધપાક-પુરી) (હ. ઘનશ્યામભાઈ ચાવડા) | બળોલ-ભાલ |
| કારતક વદ-૧૦ | ચૌધરી સોમાભાઈ ગોબરભાઈ (મગશ) | પ્રતાપપુરા |
| કારતક વદ-૧૨ | રાધાબાઈ શામજી વરસાણી (મગસ) | સુખપુર-કચ્છ |
| કારતક વદ-૧૨ | વિમલાબેન ઘનશ્યામભાઈ પટેલ (મગશ) | પોર |
| કારતક વદ-૧૩ | સોની મહેન્દ્રભાઈ મુળચંદભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૪ | શાંતાબેન વેલજીભાઈ લિંબાણી (ચુરમાના લાડુ) | દહીંસરા |
| કારતક વદ-૩૦ | પટેલ કાન્તિભાઈ મંગળદાસ (અડદિયો) (હ. નંદકિશોર સ્વામી - સાપાવાડા) | કલ્યાણપુરા |

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- પ્રકાશભાઈ રમણીકભાઈ કાચા ટેલર્સ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર
૧૦૧/- તારાબેન લાલજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૨૦૧/- બારોટ ઘનશ્યામ ભાનુપ્રસાદ ધો.-૧૨ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે નવાવાડજ
૧૦૦/- કા.જીગ્નેશકુમાર ગોપાળદાસ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- પટેલ પાર્થ દિલીપભાઈ ચિ. આશિષ અને રશ્મિકાના લગ્ન પ્રસંગે નરોડા
૧૦૧/- પટેલ કમલેશકુમાર સતીષભાઈ સહ પરિવારને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે જમીયતપુરા
૧૦૧/- પટેલ હિના ઘનશ્યામભાઈ શુભ લગ્ન પ્રસંગે ગુલાબપુરા
૧૦૦/- કા. જીગર ગોવિંદભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે કોઠંબા
૧૦૧/- પટેલ અનિતાબેન મુકેશભાઈ ચિ. કુશલના જન્મ દિન નિમિત્તે વાવોલ
૧૦૦૧/- પરમાર મુનિકુમાર ચંદુભાઈ જન્મ દિન નિમિત્તે બારડોલી
૧૦૦/- પટેલ માહિર વિક્રમભાઈ જન્મદિન નિમિત્તે સુરત
૧૩૧/- પટેલ પિન્કુ વલ્લભભાઈ નવું હાઉસ લીધું તે નિમિત્તે સોજીત્રા (અમેરિકા)
૧૦૧/- પરમાર અર્જુન હરિસિંહ ગટોરભાઈ લગ્ન પ્રસંગે બળોલ-ભાલ
૧૦૧/- પરમાર અલ્પેશ શાંતિભાઈ લગ્ન પ્રસંગે બળોલ-ભાલ
૧૦૧/- જોશી નિતિનકુમાર વાસુદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧/- કાકાવાળા હર્ષ જસ્મીનકુમાર ગાંડાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વેડાગોવિંદપુરા
૧૦૦/- પટેલ નિતિનકુમાર બાબુલાલ નોકરી મળી તે નિમિત્તે ધાકડી
૧૦૦/- પટેલ ધર્મેશકુમાર બાબુલાલ નોકરી મળી તે નિમિત્તે ધાકડી
૧૦૧/- પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વહેલાલ
૧૦૦/- પટેલ મુકેશભાઈ ભોળાભાઈ હરગોવનદાસ ગાંધીનગરમાં પ્લોટ લીધો તે નિમિત્તે ચાંદીસણા
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૨૦૧/- પટેલ મહેન્દ્રભાઈ છોટાલાલ ચિ. કાજલબેનના શુભ લગ્ન પ્રસંગે આનંદપુરા
૨૦૧/- પટેલ જયંતીભાઈ કચરાભાઈ ચિ. વિશાલ-આશા ઓસ્ટ્રીલીયા પી.આર. થયા તે નિમિત્તે સોજા
૧૫૧/- પટેલ જયંતીભાઈ કચરાભાઈ ચિ. બિરેનના લગ્ન પ્રસંગે સોજા
૧૦૧/- પટેલ જયંતીભાઈ કચરાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સોજા
૧૦૧/- પટેલ રણછોડભાઈ કચરાભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે સોજા
૧૦૧/- ભૂડીયા મૂળજી ભીમજી પુત્રના જન્મ પ્રસંગે સુખપર (કચ્છ) (આથમણું)
૧૦૧/- પટેલ મનરાજકુમાર નવિનભાઈ તા. ૩૦-૧-૧૨ ના શુભ લગ્ન પ્રસંગે આકરૂંદ
૧૦૧/- પટેલ હિરલબેન ધીરૂભાઈ તા. ૯-૨-૧૨ ના શુભ લગ્ન પ્રસંગે આકરૂંદ
૧૦૦/- પટેલ યુગ્વીબેન અંકિતકુમાર તા. ૧૪-૧૨-૦૯ જન્મ દિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ આયુષીબેન પ્રકાશભાઈ તા. ૨૦-૧૨-૯૬ જન્મ દિન નિમિત્તે બાયડ-કરમસદ
૧૦૦/- પટેલ જસુભાઈ હિરાભાઈ તા. ૨૦-૧૨-૫૨ જન્મ દિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ આકાશ જસુભાઈ ભગાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉનાવા
૧૦૧/- પટેલ અનિતાબેન ભરતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ દેવજીભાઈ દયાળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ દિલીપકુમાર હરજીવનદાસ નવા મકાનમાં ખાતમુહૂર્ત નિમિત્તે રતનપુર
૧૦૦/- નિશાબેન ધર્મેશકુમાર લગ્ન પ્રસંગે ભરૂચ
૧૦૧/- ટાંક હંસાબેન ઠાકરસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિજલપુર
૧૦૦/- પોકીયા વિશાલભાઈ નનુભાઈ નોકરી મળી તે નિમિત્તે બાપુનગર
૨૫૧/- પટેલ વિશાલભાઈ રમેશભાઈ ચિ. પ્રાન્શીના જન્મ દિન નિમિત્તે કરજીસણ
૧૦૧/- સોની પ્રકાશકુમાર હરિલાલ નવું એકટીવા લીધું તે નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પટેલ આનંદ મુકેશભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે નવાગામ-નાયકા
૫૦૧/- પટેલ વિરલ મનુભાઈ ઓસ્ટ્રેલીયામાં સ્ટોર લીધો તો નિમિત્તે નાંદોલ
૧૦૧/- ચૌધરી દશરથભાઈ રામાભાઈ હાલાભાઈ ચિ. હરેશને તલાટીની નોકરી નિમિત્તે બાલવા
૧૦૧/- ટાંક અંકિત બિપીન ધનુર્માસ નિમિત્તે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- ટાંક નિમેષ બિપીન ધનુર્માસ નિમિત્તે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- મોદી શાંતાબા સોમાલાલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે મહેસાણા
૫૦૧/- ડાભી દિલીપસિંહ ગોવિંદસિહ નવા મકાનમાં વાસ્તુ નિમિત્તે ડાંગરવાવાળા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ દક્ષ યોગેશભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- બારભાયા લલીતરાય અમરશી તા. ૯-૧૧-૧૨ ચિ. ઈશાના જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- બારભાયા ધવલ લલીતરાય તા. ૨૧-૧૧-૧૧ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૫૦૧/- ચાવડા ભીખાજી મફાજી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે બિલોદરા
૧૦૧/- ખેર નાનુભાઈ ઠાકરસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ-સાયલા
૧૫૧/- પટેલ કૌમિલ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપ
૧૦૦/- પટેલ પૂર્વા હેત આશિષ શ્રીજી પ્રસન્નાર્થે ઓઢવ
૧૦૦/- સોનીગ્રા પ્રકાશ કે. નવી નોકરી નિમિત્તે ઓઢવ
૧૧૧/- પટેલ મનસુખભાઈ ઠાકરસીભાઈ બેંકમાંથી નિવૃત થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ શનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- કાલાણી કમળાબેન વાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- પટેલ પ્રિન્સી અલ્કેશભાઈ હ. વિણાબેન જન્મ દિન નિમિત્તે દહેગામ
૧૦૧/- રાવલ કનૈયાલાલ ગિરજાશંકર જન્મ દિન નિમિત્તે તા. ૧૩-૧૨ (સ્વા. માસિક) ગોરાસુવાળા
૧૫૧/- નાયી મુકેશભાઈ કાંતિભાઈ ચિ. હિરેનના લગ્ન પ્રસંગે ગોમતીપુર (વેડા)
૧૦૧/- ભાવસાર કનુભાઈ લીલાચંદ શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૦૧/- કા. ચિમનભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- ચાવડા ભવાનભાઈ અમરાભાઈ પુત્રને ત્યાં દીકરાના જન્મ પ્રસંગે હરિપુરા (પાટડી)
૧૦૧/- વાઘેલા દેવુબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મહેશસિંહ રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા ભાવનાબા રાજેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા સ્મિતલબા મહેશસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૦૧/- વાઘેલા રામબાબા કેશરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૧/- રાવલ પ્રવિણચંદ્ર ડી. તથા નૈનાબેન પી. ચારધામ યાત્રા નિમિત્તે — કાલીયાણા
૨૦૨/- ચૌહાણ પ્રભુલાલ કેશવજીભાઈ ચિ. સુપુત્રી હિરલના લગ્ન પ્રસંગે — ચાંદલોડીયા
૧૦૦/- પટેલ શૈલેષભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૨૦૧/- ચિ. રૂચિતા જગદીશ પરમાર એ.સી.સી.એ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થઈ તે નિમિત્તે — ધૂળકોટ-નાઈરોબી
૨૦૧/- પરમાર જગદીશ બચુલાલ ચિ. સ્નેહાના લગ્ન પ્રસંગે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ (કોઠારી)ના સ્મરણાર્થે — દહેગામ
૧૦૧/- પટેલ હિરેન અરવિંદભાઈ ફાર્મસીમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે — ઈટાદરા
૧૦૧/- પંચાલ મહેન્દ્રભાઈ અંબાલાલ ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે — ઉનાવા
૧૦૧/- પંચાલ મહેન્દ્રભાઈ નાથાભાઈ ચિ. રશ્મિકાબેનના લગ્ન પ્રસંગે — નાથપુરા
૧૦૧/- પંચાલ અમરીષભાઈ મહેન્દ્રભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે — ઉનાવા
૧૦૧/- પટેલ ચિમનલાલ કેશવલાલ ચિ. આદિત્યના જન્મ દિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ ધર્મિષ્ઠાબેન સી. ચિ. દેવમના જન્મ દિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- વરૂ હર્ષકુમાર રાજેશભાઈ જન્મ દિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- વરૂ દર્શનકુમાર રાજેશભાઈ જન્મ દિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- વરૂ પ્રકાશકુમાર હરિકૃષ્ણભાઈ જન્મ દિન નિમિત્તે — રાજકોટ
૧૦૧/- વરૂ સુભાષિતકુમાર પરેશભાઈ જન્મ દિન નિમિત્તે — રાજકોટ
૫૦૧/- પટેલ કોકીલાબેન રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ગોઠીબ
૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- ખેર ચંદુભાઈ રામસંગભાઈ આણંદમાં નવું મકાન બનાવ્યું તે નિમિત્તે — દાંતીવાડા
૧૦૧/- ખેર ચંદુભાઈ રામસંગભાઈ દાંતીવાડાથી આણંદ ટ્રાન્સફર થઈ તે નિમિત્તે — દાંતીવાડા
૧૦૧/- પટેલ ભાવેશકુમાર રમેશચંદ્ર ઈશ્વરલાલ પુત્રના જન્મપ્રસંગે — ડાંગરવા
૧૦૧/- ભાવસાર વંશ ભાવિકભાઈ બાબરી ઉતરાવી તે નિમિત્તે — મેણુવારા
૧૦૧/- પ્રજાપતિ ભાવેશકુમાર ધીરજલાલ સગપણ નિમિત્તે — જોરાવરનગર

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**જમીયતપુરા (અમદાવાદ) :** શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના અનન્ય નિષ્ઠાવાન અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્વા. મંદિર કાલુપુરના ટ્રસ્ટીશ્રી) પ.ભ. રમેશભાઈ પટેલ અને પ.ભ. પ્રકાશભાઈ પટેલના પૂજ્ય માતુશ્રી પ.ભ. રઈબેન પ્રહલાદભાઈ પટેલ (ઉ. ૮૯ વર્ષ) માગસર સુદ૦૯ ને તા. ૩-૧૨-૨૦૧૧ ને શનિવારના રોજ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અંબાપુર :** પ.ભ. કાશીબેન કેશાભાઈ પટેલ તા. ૩૧-૧૦-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બીલીયા :** પ.ભ. પટેલ નારણભાઈ માધાભાઈ (તરગંડી) માગસર સુદ-૭ ને તા. ૧-૧૨-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ગણપતભાઈ ભાવસાર (અમદાવાદ મંદિરમાં બ્રહ્મચારીમાં સેવા કરતા) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અંબાપુર (જી. ગાંધીનગર) :** પ.ભ. ચતુરભાઈ ભગાભાઈ તા. ૨૦-૧૧-૨૦૧૧ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડિટ્રોઈટ (અમેરિકા) :** પ.ભ. જયરામભાઈ વિશ્રામભાઈ પટેલ (માધાપરવાળા) તા. ૨૨-૧૨-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (સ્વા. મંદિર જામફળવાડી) :** પ.ભ. લાભુબેન પરસોતમભાઈ લહેરી પોષ સુદ-૩ તા. ૨૭-૧૨-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (મૂળ દેવપુરા ખાખરીયા) :** શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત સેવાભાવી પ.ભ. રતિલાલ મગનલાલ પટેલના સુપુત્ર પ.ભ. હિતેન્દ્રકુમાર (ઉ. વર્ષ ૪૮) (જેઓ આપણા દરેક ઉત્સવ સમૈયામાં નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા હતા). તા.૨૫-૧૨-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-કાંકરિયા :** પ.ભ. ડૉ. રમેશભાઈ રતિલાલ પરીખ જેઓએ આખી જીંદગી સંતો અને હરિભક્તોની નિઃશુલ્ક તબીબી સેવા કરી હતી જેઓ તા. ૨૯-૧૨-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

# અમદાવાદ અને મૂળી દેશના હરિભક્તોને સૂચન

આથી સમસ્ત સત્સંગને જણાવવાનું કે, **શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુલ, ધ્રાંગધ્રા** સાથે શ્રીનરનારાયણદેવ દેશ અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશ સાથે કોઈ જોડાણ કે સંલગ્ન નથી. જેથી દેશ વિદેશના સર્વે હરિભક્તોએ તેની ખાસ નોંધ લેવી. કોઈ ગેરસમજથી હરિભક્તોને ખબર ન હોય જેથી આ સૂચનને ખાસ ધ્યાનમાં લેવું. - આજ્ઞાથી

## આપણા આગામી ઉત્સવો

**મહા સુદ-૫ :** તા. ૨૮-૧-૨૦૧૨ શનિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ અને સમૈયો, અમદાવાદ મંદિર હવેલીમાં શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ.

**મહા સુદ-૮ :** તા. ૩૧-૧-૨૦૧૨ મંગળવાર શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડામાં શ્રી ગોપાલલાલજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ.

**મહા સુદ-૯ :** તા. ૧-૨-૨૦૧૨ શુક્રવાર શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા દશાબ્દી પાટોત્સવ.

**મહા સુદ-૧૦ :** તા. ૨-૨-૨૦૧૨ ગુરુવાર શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા-અમદાવાદ પાટોત્સવ.

**મહા સુદ-૧૨ :** તા. ૪-૨-૨૦૧૨ શનિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવાદ (રાજસ્થાન) પાટોત્સવ.

**મહા સુદ-૧૪ :** તા. ૬-૨-૨૦૧૨ સોમવાર શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા-અમદાવાદ પાટોત્સવ.

**મહા વદ-૨ :** તા. ૯-૨-૨૦૧૨ ગુરુવાર શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ.

**મહા વદ-૩ :** તા. ૧૦-૨-૨૦૧૨ શુક્રવાર શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ.

**મહા વદ-૫ :** તા. ૧૨-૨-૨૦૧૨ રવિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ.

**મહા વદ-૬ :** તા. ૧૩-૨-૨૦૧૨ સોમવાર શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી પાટોત્સવ.

**ફાગણ સુદ-૨ :** તા. ૨૩-૨-૨૦૧૨ ગુરુવાર શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા, ભુજ શ્રી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.












૧. ભચાઉ મંદિરમાં પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે ભુજ મંદિરના સંતો અને અન્નકૂટ આરતી ઉતારતા પૂ.મહારાજશ્રી અને પાટોત્સવના યજમાન પ.ભ. વિરજીભાઈ નારણભાઈ વાલજી ખુથીયા પરિવારને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૨. ન્યુ રાણીપ વિસ્તારમાં ભવ્ય શાકોત્સવ કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી, દેવસ્વામી આદિ સંતમંડળ. ૩. કાલુપુર મંદિરમાં ધનુર્માસ ધૂનનો લાભ લેતા હરિભક્તો. ૪. કાલુપુર મંદિરમાં ચંદ્રગ્રહણ નિમિત્તે સભામાં ભજન-કીર્તન કરતા મહંત સ્વામી અને સંતો. ૫. મણીયોર(ઈડર)મંદિરમાં પાટોત્સવ પ્રસંગે કથાનો લાભ આપતા ઈડર મંદિરના સંતો તથા યજમાન પ.ભ. પટેલ ભીખાભાઈ.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/9-11 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 30-06--2012


















૧. ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) આપણા મંદિરમાં વચનામૃત જયંતી પ્રસંગે પાઠ કરતા શા.વિશ્વવિહારીદાસજી અને હરિભક્તો. ૨. શિકાગો મંદિરમાં વચનામૃત જયંતી ઉજવતા હરિભક્તો. ૩. ડિટ્રોઈટ મંદિરમાં તુલસી વિવાહ દર્શન. ૪. શિકાગો મંદિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃતિમાં રત હરિભક્તો. ૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન કરતા હરિભક્તો.

Praful Kharsani